September, 2019
Volume-8, Issue-31

ISSN 2278-4381

# SHANTI E JOURNAL OF RESEARCH

Most Referred & Peer Reviewed
Multi Disciplinary E Journal of Research

CHIEF EDITOR
Dr. Rajeshkumar A. Shrimali
Assistant Professor
Shree H. S. Shah College of Commerce, Modasa.

EXECUTIVE EDITOR
Rambhai V. Baku

CO-EDITOR
P. R. Sharma

# SHANTI E
# JOURNAL OF RESEARCH

# ISSN 2278-4381


## Multi Disciplinary and Peer-Reviewed Research Journal in India


## Chief Editor

**Dr. RAJESHKUMAR A. SHRIMALI**
ASSISTANT PROFESSOR
Shree H.S.Shah College Of Commerce, Modasa Dist- Arrvalli

## CO-Editor

**P R SHARMA**
ASSISTANT PROFESSOR
SHRI M.B.PATEL SCIENCE COLLEGE, ANAND

## EXECUTIVE Editor

**RAMBHAI V. BAKU**



**PUBLISHED BY**

http://www.shantiejournal.com/

SEPTEMBER-2019, VOLUME-8, ISSUE-31

# EDITORIAL BOARD

## MANAGING EDIORS

| Name | Designation | University | Place -College |
|---|---|---|---|
| Pro. Parimal M.Upadhyay | Assistant Professor Ges Class-2 | Guj Uni, Ahmedabad. | Government Commerce College-Ahmedabad. |
| Pro.D.K.Bhoya | Assistant Professor | HNGU PATAN | Mahila Arts College Motipur,Himmtnagar. |
| Dr. Bhavinbhai S.Shah | Associate Professor Ges Class-2 | Guj Uni, Ahmedabad | Gujarat Arts & Commerce College- Ahmedabad. |
| Dr.Omparakash H.Shukla | Associate Professor Ges Class-2 | Guj Uni, Ahmedabad | Gujarat Arts & Commerce College- Ahmedabad |
| Pro.Dr.Priteshkumar S.Rathod | Assistant Professor Ges Class-2 | S P University, v v nagar, anand | Government Gujarat Arts & Commerce College-Naswadi. |
| Pro.Dr.Rajesh. M. Sosa | Assistant Professor | Krishnkumarsinhji Uni. Bhavangar. | Valiya Arts & Commerce College Bhavangar. |

## SHANTI E JOURNAL OF RESEARCH- A PEER REVIEWED AND REFFERED JOURNAL (PEER REVIEWED COMMITTEE)

**The following Experts are working as a guide in M.Phil and Ph.D Degree. They are provide their service in our shanti e journal of research at free of cost. Papers published only after review through their important guidance, advice correction and required instructions.**



| Name | Designation |
|---|---|
| ❖ Dr.Devjibhai maru<br>( Assistant Professor Government Arts College-Talaja.Dis-Bhavnagar.) | Chief in sociology |
| ❖ Dr.Mahendrakumar A.Dave<br>(Associate Professor, Shree Somanath Sanskrit University-Veraval) | Chief in Sanskrit |
| ❖ Dr.Parvinsinh R.Chauhan<br>(Associate Professor, Bosmiya Arts & Commerce College-Jetpur.) | Chief in Hindi |
| ❖ Dr. Bhaveshbhai L.Dodiya<br>(Assistant Professor, R.R.Lalan College-Bhuj-Kachchh) | Chief in Chemistry |
| ❖ Dr. Nareshkumar Yayantilal Parikh<br>(Associate Professor, P.S.Scince & H.D. Arts College-Kadi.) | Chief in History |
| ❖ Dr.Nimeshkumar D.Chaudhari<br>(Associate Professor, Faculty of physical education and sports science, Gujarat vidyapith, sadara, Gandhinagar) | Chief in Physical Education |
| ❖ Dr.C.M.Thakkr<br>(Principal, T.A. Chatvani Arts & J.V Gokal Trust Commerce College,Radhanpur,Patan.) | Chief in Commerce |
| ❖ Dr.Samyak M Makwana<br>(Associate Professor, R.R.Lalan College-Bhuj-Kachchh) | Chief in Psychology |
| ❖ Dr.IROS Vaja<br>(Associate Professor, M.V.M Arts College Rajkot) | Chief in English |
| ❖ Dr.Hemaben Jikadra<br>(Associate Professor, Gujarat Arts & Science College(Aft) Ellishbredge Ahemdabad) | Chief in Political Science |
| ❖ Pro. Ramesh L.Deshmukh<br>(Associate Professor, Tolani Arts & Science College Aadipur) | Chief in Gujarati |
| ❖ Dr.C.S.Zala<br>(Associate Professor, R.R.Lalan College-Bhuj-Kachchh) | Chief in Economics |

**"Shanti E Journal Of Research" is a Quarterly based Research Journal**

**Copy Right, SEPTEMER- 2019, All Rights Reserved**

- **No part of this publication may be reproduced or copied in any form by any means without prior written permission**
- **"Shanti E Journal Of Research" holds the copyright to all articles contributed in this publication. In case of reprinted articles "Shanti E Journal Of Research" holds the copyright for the selection, sequence, introduction material, summaries and other value additions**
- **The view expressed in this publication are purely personal judgments of the authors and do not reflect the view of "Shanti E Journal Of Research". The views expressed by external authors represent their personal views and not necessarily the views of the organizations they represent.**
- **All efforts are made to ensure that the published information is correct. "Shanti E Journal Of Research" is not responsible for any errors caused due to oversight or otherwise.**

ISSN 2278-4381

## Editor's Column

The blast of knowledge at the universal hut due to scientific dynamics has without doubt redefined the very concept of new Era. The main set-up of education especially higher education-has become a subject of study and scrutiny for the scholars and practitioners who have a hunger desire to face change and challenges. It is because we, the creature beings, are brilliant with the faculty of option and a liberated will.

Unlike other type, we are not planned. We can make choices and use our free will to act and get our objectives. Inequities in learning opportunities, quality of educational military and level of learning success persist by gender, rural/town locality, ethnic backdrop, and socioeconomic status.

The quality of education and the aptitude to define and monitor this quality is absent in most upward countries. The means and span of education continue to be fine and curbed to past models of delivery, and the use of other channels continues to be informal and subsidiary. The increase in quantitative and qualitative demand for education is not in step by an raise in funds.

At this point in time, it is safe to situation that the split of views on the risk of change is marvelous. We, the publishers of Research Genius E Journal, are very much eager to view some aspect of these changes through academic article contributed by impressive scholar and social group. The nearby issue contains papers with decisive coming and scrutiny as well as orderly argument and reflection on various theme of language, prose, information technology, commerce and so on. We trust this will positively be helpful for the community who desire transform.

**Chief-Editor**

Dr. Rajeshkumar A. Shrimali

http://www.shantiejournal.com/ ISSN : 2278-4381

SHANTI E JOURNAL OF RESEARCH SEPTEMBER : - 2019, VOLUME-8, ISSUE-31

# INDEX


| Sr. | Title | Page |
|---|---|---|
| 1. | દુનિયામાં 84.4 કરોડ લોકો પાણીની અછતથી પીડાઈ રહ્યા છે એક સર્વેક્ષણ<br>-*મિહિર.એમ.વોરા **અનિલ ગોર | 1-3 |
| 2. | વાવ-થરાદ પંથકના સુથાર સમાજનાં લગ્નગીતો : એક અભ્યાસ<br>-સુથાર પ્રકાશકુમાર ગણપતભાઈ | 4-13 |
| 3. | અષ્ટાવક્રગીતામાં નિરૂપિત આત્મતત્ત્વ.<br>-ભરતભાઈ યુ. જાદવ શોધછાત્ર, ગુજરાત યુનિવર્સિટી,અમદાવાદ | 14-16 |
| 4. | कालिदास का अभीष्ट शिव-आराधना<br>-डॉ.कपिलदेव हरेकृष्ण शास्त्री | 17-20 |
| 5. | કરુણામૂર્તિ 'મા'ની વિવિધ છબી ઝીલતી ગઝલ- 'મા'<br>-હાર્દિકકુમાર રૂપાભાઈ પ્રજાપતિ | 21-23 |
| 6. | निष्क्रमणसंस्कारस्य महत्त्वम्<br>-राजपरा मनिषः | 24-27 |

# દુનિયામાં 84.4 કરોડ લોકો પાણીની અછતથી પીડાઈ રહ્યા છે એક સર્વેક્ષણ

1

*મિહિર.એમ.વોરા **અનિલ ગોર

શ્રીઆર.આર.લાલન કોલેજ ભૌતિકવિજ્ઞાનભવન,ભુજ -કચ્છ -૩૭૦૦૦૧

મિત્રો હાલ ભયંકર ગરમી પડી રહી છે અને વરસાદ બરોબર થતો નથી ત્યારે આ એક લેખ દયાન દોરનારો છે.મેં માત્ર વિવિધ અહેવાલો અને વિવિધ અખબારી અહેવાલો ઉપરથી માત્ર માહિતી આપવાનો પ્રયત્ન કર્યો છે જેની નોંધ લેવા વિનંતી છે.આંતરરાષ્ટ્રીય એજન્સી વોટર એડના રિપોર્ટમાં ખુલાસો. રિપોટર્સમાં જણાવ્યા પ્રમાણે, આગામી થોડા દિવસોમાં જ કેપટાઉનમાં પાણી પુરૂ થઈ જશે તેવો અંદાજ છે.તેને ઝીરો ડેનું નામ આપવામાં આવ્યું છે.જોકે આ જોખમ માત્ર કેપટાઉન ઉપર જ નથી.યુએ દ્વારા રજૂ કરવામાં આવેલા એક રિપોર્ટ માં જણાવવામાં આવ્યું છેકે, આગામી સમયમા બ્રાઝીલના સાઓપાઉલ અને ભારતના બેંગલુરુમાં પાણીની અછતની સૌથી વધારે સમસ્યા ઊભી થઈ શકે છે કેપટાઉન અને સાઓપાઉલોમાં આ જોખમ દુષ્કાળના કારણે ઊભુ થશે જ્યારે બેંગલુરુમાં આ તકલીફ માણસો દ્વારાજ ઊભી કરવામાં આવેલી હશે.પાણી ના મુદ્દા સાથે જોડાયેલી આંતરરાષ્ટ્રીય સંસ્થા વોટરએડના રિપોર્ટમાં જણાવવામાં આવ્યું છેકે, કેવી રીતે દુનિયાના લાખો લોકો પાણી માટે તરસી રહ્યા છે.- વોટરએડ ની સ્ટેટ ઓફ ધી વર્લ્ડ 2018: ધી વોટર ગેપના રિપોર્ટ ના જણાવ્યા પ્રમાણે, યુગાન્ડા, નાઈજેરિયા, મોઝાંબિક, ભારતઅનેપાકિસ્તાન તે દેશોમાં સામેલછે જ્યાં સૌથી વધારે લોકો એવા છે જેમને અડધો કલાકના અંતર પહેલાં ચોખ્ખુ પાણી પણ નથી મળતું.-રિપોર્ટમાં જણાવ્યા પ્રમાણે ભારતમાં 16.3 કરોડના લોકો ચોખ્ખા પાણી માટે તરસી રહ્યાછે. ગયા વર્ષે આ આંકડો 6 કરોડ 30 લાખ લોકોનો હતો. આંકડો વધવાનું કારણ એ છે કે, એ લોકો જેમને તેમના ઘરે પાણી લાવવામાં અડધો કલાકનો સમય લાગેછે તેમને યુએનના નિયમ પ્રમાણે તે લોકોને પાણી સુધી નહીં પહોં ચનાર શ્રેણીમાં સામેલ ન કરી શકાય.

પાટણના હારિજ તાલુકાના સરવાલ ગામમાં પાણીનો બોર બંધ પડી જતાં લોકો માટે પીવાના પાણીનો પ્રશ્ન મોટો બની ગયો હતો.બીજો કોઈ વિકલ્પ ન હોવાના કારણે નજીકમાંથી પસાર થતી લેન્ડ યોજનાની પાઈપલાઈનમાં વાલ્વમાંથી તેઓ પાણી મેળવે છે, નાના બાળકો જીવનાજોખમે વાલ્વ ઉપરના કાપડને પકડી રાખે છે ત્યારે તેમને મીઠું પાણી મળે છે.ગુજરાતના જળાશયોમાં હાલ પાણીનું પ્રમાણ 38.57%- 2017 માં માર્ચ મહિનામાં રાજ્યનાં જળાશયોમાં પાણીનું પ્રમાણ 45% કરતા વધારે હતું- ચોમાસાના આગમન સુધીમાં રાજ્યના જળાશયોમાં પાણીનો જથ્થો અંદાજે 20% થઈ જશે નર્મદા ડેમમાં પાણીનો જથ્થો માત્ર 32%2017 માર્ચમાં નર્મદા ડેમમાં 45 ટકાથી વધારે પાણી હતું. ચોમાસું આવતા સુધીમાં નર્મદા ડેમમાં અંદાજે માત્ર 17થી 18 ટકા પાણી બચશે. સાંતલપુર તાલુકાના મઢુત્રા થી ફાંગલી, ઝઝામ, પાટણકા ગામ સુધી અઢી કીમીની લાંબી અંડરગ્રાઉન્ડ સાયફન બનાવેલ છે જેના મારફતે કચ્છમાં પાણી પહોં ચાડવામાં આવે છે. આ સાયફનમાં પાટણકા પાસે ઘણી મોટી માત્રા માં પાણી લીકેજરૂપે બહાર નિકળી રણમાં જઇ રહ્યું છે જેના લીધે નાના મોટા વોકળા નદીની જેમ ભરાઇ ગયા છે. જોકે, આપાણી

વન્ય પ્રાણીઓ માટે આશીર્વાદરૂપ બની રહેશે પણ ખેડૂતોને અપાતું નથી અને રણમાં વહી જાયછે તેની નારાજગી લોકોમાં ફેલાઇ છે. જોકે, આ બાબતે ઝઝામ કેનાલના ઇજનેરે જણાવ્યું કે ગ્રાઉટીંગ કરવા માટે પાઇપો નાખી ફોર્સ હળવો કરાયો હતો.જોકે, લીકેજનો પ્રશ્ન બહુ ગંભીર નથી.કેનાલ સાયફન રીપેર કરવા માટે પાણી બહાર કાઢવું જરૂરી હોય છે.કેમ કે કેનાલ સતત ચાલુજ રહેતી હોય છે.3 દેશો પાસે પાણીની ઉપલબ્ધી સૌથી ઓછી- ઈરીટ્રિયા, પાપુઆન્યૂગિની અને યુગાંડા એવા ત્રણ દેશો છે જ્યાં ઘની નજીક ચોખ્ખુ પાણી ખૂબ ઓછુ મળે છે. યુગાન્ડામાં માત્ર 38 ટકા લોકો જ પાણી સુધી પહોંચી શકે છે.- પાણી વિશે ખૂબ સારુ કામ કરવામાં ટોપ 4 માં મોજામ્બિક સામેલ છે.તેમ છતા પાણી ખૂબ ઓછુ હોવાના લિસ્ટમાં તે ટોપ10 માં છે.-અમીરી-ગરીબીની ખાઈ પણ પાણીની ઉપ્લબધ્તામાં અંતર ઊભુ કરે છે. નાઈઝરમાં 41% ગરીબો સુધી જ પાણી પહોંચી રહ્યું છે.જ્યારે અમીરોમાં આ આંકડો 72 ટકા છે.માલીમાં 45 ટકા અને 93 ટકા સાથે આ અંતર જોવા મળ્યું છે.આ લોકોને પાણી ન મળવાનું મુખ્ય કારણ

1.આર્થિક અને રાજકીય પ્રાથમિકતાનો અભાવ

2.પાણી પહોંચાડવા અને સાચવણીમાં સક્ષમ સાધનોનો અભાવ

3.જગ્યા અને જમીનનો અભાવ

4.ભેદભાવ. હોનારત અને વિસ્થાપન દુનિયાના 200 શહેર પાણીની ગંભીર સમસ્યા સામે ઝઝૂમી રહ્યા છે

10 મોટા શહેર ઝડપથી 'ડેઝીરો' તરફ વધી રહ્યા છે.ડે ઝીરો એટલે જ્યારે નળમાંથી પાણી આવવાનું બંધ થઈ જાય છે. સેન્ટર ફોર સાયન્સ એન્ડ એન્વાયરમેન્ટની પત્રિકા ડાઉનટુ અર્થે શહેરોમાં પાણીની સમસ્યાને લઈને એક રિપોર્ટ જાહેર કર્યો છે.આ રિપોર્ટમાં સમગ્ર દુનિયાના શહેરોમાં પાણીની સમસ્યાને લઈને ચેતવણી જાહેર કરવામાં આવી છે.થિંકટેન્કે વિશ્વજળ દિવસે પોતાનો આ રિપોર્ટ પ્રકાશિત કર્યો છે. રિપોર્ટમાં કહેવામાં આવ્યુ છે કે બેંગાલુરુની પરિસ્થિતિ કેપટાઉન જેવી હોઈ શકે છે.કેપટાઉન આફ્રિકાના સમૃદ્ધ શહેરોમાંનું એક છે પરંતુ આ શહેર પાણીની સમસ્યાને લઈને અત્યાર સુધી સૌથી ખરાબ સમયમાંથી પસાર થઈ રહ્યું છે.કેટલાક રિપોર્ટમાં અંદાજો છે કે આ વર્ષે કેટલાક મહિનાની અંદર આ શહેરની ટોંટિયોમાં પાણી આવવાનું બંધ થઈ જશે. સીએસઈ ના ડાયરેક્ટર સુનીતા નારાયણ નું કહેવુ છે કે ભલે તે કેપટાઉન હોય, બેંગલુરુ હોય અથવા ચેન્નઈ.આ શહેરો માં કોઈ વધારે અંતર નથી.આ દરેક શહેરોની પરિસ્થિતિ એક જેવી છે.જરૂરી પ્રશ્ન એ છે કે શું આ શહેર એક નવુ અને સુરક્ષિત ભવિષ્ય બનાવી શકશે ?. જ્યાં પાણીની સમસ્યા ના હોય. ગત 30 વર્ષોમાં બેંગલુરુમાં કુવાની સંખ્યા 5000 થી સીધી 4.5 લાખ થઈ ગઈ છે. ગેર યોજનાગત રીતે વસી રહેલા શહેરોમાં ગ્રાઉન્ડ વૉટરનેરિ ચાર્જ કરવાનું કામ થઈ શક્યુ નથી.બેંગલુરુ પોતાના ભાગના માત્ર અડધા પાણીનો ઉપયોગ બીજીવાર કરી શકે છે.અને બચેલુ પાણી નદીઓ અને સમુદ્રોમાં ચાલી જાય છે. પેઈચિંગ(ચીન), મેક્સિકોસિટી(મેક્સિકો), સના (યમન), નેરોબી(કેન્યા), ઈસ્તાંબુલ(ટર્કી), સાઉપાઉલો(બ્રાઝીલ), કરાંચી(પાકિસ્તાન), કાબુલ( અફઘાનિસ્તાન) અને બુએનસઆઈરસ (આર્જેન્ટીના). રિપોર્ટમાં પાણીને લઈને થયેલો વૈશ્વિક અભ્યાસ નો હવાલો આપવામાં આવ્યો છે.રિપોર્ટમાં કહેવામાં આવ્યુછે કે 2050 સુધી સમગ્ર દુનિયામાં 36 ટકા શહેર પાણીની ભયંકર સમસ્યાથી જૂજવા લાગશે અને 2050 સુધી શહેરોમાં પાણીની માંગ 80 ટકા વધી જશે. ૧૯૫૭ માં

યોજના આયોગના રિપોર્ટ મુજબ ભારતમાં માત્ર ૨૩૨ ગામો પાણી વિહોણા હતા.આજે ૧ લાખ કરતા પણ વધારે ગામો પીવાના પાણીનો લોકલ સોર્સ ધરાવતા નથી.આજનું ડિજિટલ ભારત વોટર મેનેજમેન્ટના ક્ષેત્રમાં હજુ પણ પાછળ રહી ગયું છે ભારતમાં ૮ કરોડ લોકોને દરરોજ પીવાનું શુધ્ધ પાણી મળતું નથી મોબાઇલ નેટવર્ક પહોંચ્યું પરંતુ પાણી નહી.૨૦૧૭ ના યુએનના એક રિપોર્ટમાં પણ ગ્લોબલ વોટરક્રાઇસિસને દૂર કરવાની એક માત્ર કીવેસ્ટ વોટરમેનેજમેન્ટ હોવાનું જણાવવામાં આવ્યું હતું. તેમ છતાં ભારતના મોટા શહેરોમાં દરરોજ ૪૦૦ કરોડ લીટર વેસ્ટ પાણીમાંથી માત્ર ૨૦ ટકાનું જ રીસાઇકલિંગ થાય છે.ભારતમાં પાણીની જરૂરીયાતનો ૭૫ ટકા પુરવઠો ભૂગર્ભ માંથી ખેંચવામાં આવે છે.સિંચાઇ, ઉધોગ અને કારખાનાઓમાં પણ ભૂગર્ભ જળનો બેફામ ઉપયોગ થાય છે.તેની સામે ભૂગર્ભમાં પાણીનો જથ્થો સતત ઘટતો જાય છે.બેંકખાતામાં નાણા ડિપોઝિટ કર્યા વગર સતત ઉપાડવામાં આવેતો એક દિવસ બેક બેલેન્સ ખાલી જઇ જાય છે.એવી જ રીતે પાતાળના પાણી પણ સતત ઉલેચાવાથી ખાલી થઇ રહયા છે.એક જમાનો હતો કે ૩૫થી૪૦ ફૂટ ખોદવામાં આવે ત્યારે પાણી મળી રહેતું હતું. આજે સરેરાશ ૨૦૦ ફૂટ જમીન ખોદવામાં આવે તો પણ કોરીકટ માટી નિકળે છે. આ એ વાતની સાબીતી ભરે છે કે પાણી જમીનમાંથી જેટલું ખેંચાયછે તેટલું ઉમેરાતું ન હોવાથી ભૂગર્ભ જળ ઉંડા ઉતરતા જાય છે.ગુજરાત, રાજસ્થાન સહિત દેશના અનેક સૂકા અર્ધ સૂકા વિસ્તારોમાં તો ૭૦૦ થી ૯૦૦ ફૂટે પણ પાણી મળતા નથી. ભારતમાં પેકેજ પાણીનું માર્કેટ ૭૦૪૦ કરોડથી વધુ છે. દેશમાં પાણીની ગુણવત્તા અને શુધ્ધતા પણ એક ગંભીર સમસ્યા છે.આર્થિક સગવડ ધરાવતા લોકો શુધ્ધ પાણી પીવા માટે ઘરે આર ઓપ્લાન્ટ નખાવે છે યા તો તેના વિકલ્પે પાણીની તૈયાર બોટલો પણ ખરીદે છે. પૃથ્વીનો ૭૧ ટકા વિસ્તાર ખારા પાણીના મહાસાગરો એ રોકયો છે.બીજી કઠણાઇ એ પણ છે કે પૃથ્વી પર ઉપલબ્ધ પાણીનો ૯૭.૩ટકા જથ્થો પીવા લાયક નથી.એટલે કે પીવાના પાણીનો જથ્થોર.૯૭ ટકા છે.એમાં પણ ૬૮ ટકા પાણી બરફ સ્વરુપે છે તેવા સંજોગોમાં ઉપલબ્ધ પાણીનો જથ્થો ૧ ટકાથી વધારે નથી.વિશ્વના સૌથી વધુ વસ્તી ધરાવતા ભારત અને ચીનની કુલ વસ્તી ૨.૭૦ અબજ જેટલી છે. આવનારા ૫૦થી૬૦ વર્ષમાં વિશ્વની વસ્તી બમણી થઈ જશે ત્યારે પૃથ્વી પરના આ ૧ ટકા પાણીના જથ્થાની વહેંચણી અને વપરાશની સ્થિતિ શું હશે તેની કલ્પના કરવી મુશ્કેલ છે.વરસાદી પાણીનું આમતો સદીઓથી કુદરતી રીતે જરૂરી ચાર્જ થતું રહયું છે. આપણે જે ભૂગર્ભ પાણીનો લાભ મેળવીએ છીએ તે દાયકાઓ પહેલાજ મીનમાં ઉતરેલું પાણી જ છે.પરંતુ મોર્ડન ડેવલપમેન્ટના પગલે પાણી જમીનમાં ઉતરવાની આખી કુદરતી સિસ્ટમ ખોરવાઇ રહી છે.સિમેન્ટ કોંકિટના વધતા જંગલો, ઘટતા જતા લીલા જંગલો, ખેતીમાં રાસાયણિક ખાતરો તથા દવાઓના બેફામ ઉપયોગથી જમીનનું બંધારણ બગડયું છે. તળાવ, નદીઓ અને કૂવાઓમાં પાણીના આવરા અટકી જવાથી કુદરતી રીચાર્જ પ્રક્રિયા ખોટકાઇ છે.કમાવ નહી અને માત્ર વાપર્યા જક રો તો દેવું વધે એ સ્વભાવિક જ છે.

આમ આપણા સૌના માટે પાણીની ઘટનું કુદરતી દેવું વધતું જાય છે પાણી બચાવો અને ટીપે-ટીપે સરોવર ભરાય તે બાબત ને દયાનમાં રાખવાની જરુર છે .જો વેળાસર નહી જાગીએ તો તેના પરીણામો ભાવી પેઢીએ અવશ્ય ભોગવવા પડશે.

**સંદર્ભ :વિવિધઅખબારોનીકોલમો,અહેવાલોઅનેવિકિપીડિયા**

# વાવ-થરાદ પંથકના સુથાર સમાજનાં લગ્નગીતો : એક અભ્યાસ

2

**સુથાર પ્રકાશકુમાર ગણપતભાઈ**
**પ્રોફેસર, ઈતિહાસ વિભાગ**
**સરકારી વિનયન કૉલેજ, ભાભર.**

**❖પ્રસ્તાવના :**

ગુજરાતની ગુજરાતી ભાષામાં અનેક સાહિત્ય સ્વરૂપોનો ઉદ્દભવ અને વિકાસ થયો છે. તેમાં, લોકસાહિત્યનાક્ષેત્રમાં રસપ્રદ ખેડાણ અને લખાણ થયું છે. એમ કહેવાય છે કે જ્યારથી માનવીને ગળું મળ્યું છે ત્યારથી ગીત મળ્યું છે. ગુજરાતી લોકસાહિત્યમાં ઝવેરચંદ મેઘાણી થી લઇનેજયમલ પરમાર, દુલેરાયકારાણી, પુષ્કરચંદરવાકર, ભગવાનદાસ પટેલ, શાંતિભાઈ આચાર્ય, જોરાવરસિંહ જાદવ, કનુભાઈજાની, ડૉ. બળવંતભાઈ જાની સુધીના સાહિત્યકારોએ વિપુલ પ્રમાણમાં ખેડાણ કર્યું છે. આ સાહિત્યકારોની હૂંફથી અનેક નવા સંશોધકોએ આ માર્ગ પસંદ કર્યો છે.

રઢિયાળી રાતમાં લોકગીત વિશે ઝવેરચંદ મેઘાણી લખે છે કે : "જેનાં રચનારાઓએ કદી કાગળ અને પેનપકડ્યા નહિ હોય, એ રચનારાં કોણ હતાં તેની કોઈને ખબર જ નહિં હોય અને પ્રેમાનંદ કે નરસિંહની પૂર્વે કેટલો કાળ વીંધીને એ સ્વરો ચાલ્યા આવે છે. તેની ભાળ કોઈ નહીં લઈ શક્યું હોય તેનું નામ લોકગીત." લોકગીતો પ્રાચીન કાળથી લોકોના કંઠે ગવાતાં આવ્યાં છે અને સચવાતાં આવ્યાં છે. આ લોકસાહિત્ય વિશે લોકગીત : તત્વ અને તંત્રમાં ડૉ. બળવંત જાની નોંધે છે કે : "લોકગીતના અભ્યાસમાંથી ખ્યાલ આવે છે કે લોકગીત લોકશિક્ષણનું અસરકારક માધ્યમ છે. તથા એમાં લોકજીવન કેવું સાચી રીતે પડઘાતું હોય છે." આ, ઉપરાંત લોકસાહિત્યે વિદેશની ધરતી ઉપર પર્દાપણ કર્યું છે, ત્યારે રાલ્ફ વિલિયમ નોંધે છે કે : "A FOLK SONG IS NEITHER NEW OR NOT OLD. IT IS LIKE A FOREST TREE, WITH ITS ROOT DEEPLY BURRIED IN THE PAST, BUT WHICH CONTINUALLY PUTS FORTH NEW BRANCHES NEW LEAVES AND NEW FRUITS."

**❖લગ્નગીત :**

લગ્નપ્રસંગે ગવાતાં ગીતોને લગ્નગીતો કહેવામાં આવે છે. લગ્નગીત લોકસાહિત્યનું અવિભાજ્ય અંગ છે. દરેક વિસ્તારમાં અલગ અલગ લગ્નગીતો ગાવવામાં આવે છે. જુદા-જુદા વિસ્તારોમાં અલગ અલગ રૂપકો વાપરીને ગીતો ગાવવામાં આવી રહ્યાં છે. દરેક પંથક અને સમાજને પોતાનાં આગવી ઓળખ સમાં લગ્નગીતો હોય છે. ભારતીય સંસ્કૃતિમાં અને હિન્દુ ધર્મમાં લગ્નનું આગવું મહત્વ છે.

લગ્નના આગલા દિવસોથી લઇને લગ્નની દરેક વિધિ પ્રમાણે તેનાં લગ્નગીતો ગવાતાં હોય છે. જેમાં પાટે બેસાડવાનાં - લગ્ન વધાવવાનાં, કંકોત્રી લખવાના સમયે, માણેક સ્તંભ (મંડપ રાંપણ)ની વિધી સમયે,

ગણેશ સ્થાપના, પીઠી કરવાના સમયે, વાંનોળા લેતી વખતે, જાનપ્રસ્થાન કે આગમન સમયે, હસ્તમેળાપ વખતે, મામેરૂ ભરતી વખતે, વિદાય જેવા લગ્નના પ્રસંગોનુસાર જુદાં-જુદાં ગીતો ગાવવામાં આવે છે.

- **સુથાર સમાજનાં લગ્નગીતો :**

બનાસકાંઠા જિલ્લાના વાવ-થરાદ પંથકના સુથાર સમાજમાં લગ્નપ્રસંગમાં ગીતો ગાવવામાં આવે છે, જે તળપદી ગુજરાતી અને સ્થાનિક લોકબોલીમાંમીઠામધૂર અવાજમાં લહેંકા સાથે ગાવવામાં આવે છે. જોકે, રાજસ્થાન નજીક હોવાથી તેની પણ થોડી-થોડી અસર વર્તાતી હોવાનું જાણવા મળે છે. અત્રેવાવ-થરાદ પંથકના સુથાર સમાજમાં ગવાતા લગ્નગીતોને એકત્રિતકરીને સમાજનીનવી યુવાપેઢીઆ ગીતોને માણી શકે તેવો ઉપક્રમછે.

**લગ્નપ્રસંગ પૂર્વેની તૈયારીની કામગીરી શરૂ થાય ત્યારથી જ લગ્નગીતો ગાવવાનાં શરૂ કરવામાં આવે છે. લગ્નપૂર્વે પણ અનેક ગીતો ગાવવામાં આવે છે. જુઓ:**

વર૧ના બાવાર રે, ઉંડો કરો રે ઉચેર૩; કે અવસર આવિયો ઢુંકડો૪ રે.
વરના બાવા રે, લીધી મધમરાત રે, નગરમાં તંબુ તાંણજો રે.

*

સોપારીમાં ભરીયા રે હો મૈયા, રાયે જગ માંડ્યોમોરા રાજ;
જાંન્યાં તેડાવવી પણ જુશે અને દિકરી પરણાવવી પણ જુશે.

**કન્યાનાં લગ્ન હોય તો સવારમાં તેને પાટે બેસાડવામાં આવે છે. જ્યારે પુરૂષના લગ્ન વખતે સાંજના સમયે લગ્ન વધાવવામાં આવે છે. કન્યાનાં લગ્ન હોય ત્યારે વેવાઈપક્ષને કંકોત્રી લખીને જાન લઇને આવવાનું આમંત્રણ આપવામાં આવે છે. કંકોત્રીમાં પરિવારજનોનાં નામ સહિત લગ્નના મુહૂર્તની વિગતો ગોરમહારાજ (બ્રાહ્મણ)દ્વારા લખવામાં આવે છે. કન્યાને પાટે બેસાડવામાં આવે ત્યારે કંઈક આવાં ગીતો ગવાય છે :**

આંગણીયેઢાળો રે બાજોઠ, ને ફરતી મેલો કંકોતરી રે...

*

કેસર ઘોળીને લખજો કંકોતરી રે, માંય લખજો માડીના જાયા વીર મેં રાય જગ માંડ્યો;
લગ્ન બાંધો મારે ચીયાપભાઈને હાથ, જાવુ રે ચીયાં બેનને સાસરે રે.

**કન્યા પક્ષ તરફથી વેવાઈને ત્યાં લગ્ન લઈને પહોંચ્યા બાદ અને લગ્ન વધાવતી વખતે આવાં ગીતો ગાવવામાં આવે છે :**

કહોને લગનીયા૬ તમે ચઈ વાટે આવીયા;
કહોને લગનીયા, તમે લગનમાં શું શું લગનલાયા.

*

સોનાનો બાજોઠીયોને૭ મોતીડે સુજડીયો;૮

મોતીડાંની છાંયે સોપટ૯ખેલો હો લાડકડા, તને બાજોઠે બેહાડું.૧૦

*

ઢાળો ઢાળો ટેબલ ઢાળો ખુરશીયાં,

માથે રજાઈયાં પથરાવો વારંવાર,

ઐસા ઐસા વધાવો વીરને ચોખલીયે.

**લગનીયા સાંજે જમવા બેસે ત્યારે તેમની ગીતો ગાવીને ઠઠ્ઠા-મશ્કરી કરવામાં આવતી હોય છે. તે સમયે ગવાતાં ગીત :**

ધાંણા લસણની ચટણી તમે ચીયા ગામના વતની,મારા વેવાઈ જમવાનો જલસો આજ છે;

શીરો આપી દીધો, તમે પાપડ માંગી લેજો,મારા વેવાઈ જમવાનો જલસો આજ છે.

*

પાંચે મીઠાઈનો લાડુવો રે, પિરસો મારા ચીયા વેવાઈને ભાંણે;

માણીગર લાડું ખસપસ થાતાં લાડું ખસી પડ્યો.

**હિન્દુ ધર્મમાં વર્ષોની પરંપરા મુજબ શુભપ્રસંગોએ ગણેશજીની સ્થાપના કરવામાં આવે છે. ગામના સુથારને ત્યાંથી લાકડાના કે કુંભારને ત્યાંથીમાટીના ગણેશ લાવીનેબેસાડવામાં આવે છે અને ગણેશની સ્થાપના કરવામાં આવે છે. તે સમયે ગવાતાં લોકપ્રિય ગીતો:**

ગણપતિ આગળ દીવો વરકન્યા ઘણું જીવો, ગણપતિ દાદા પહેલી તમારી થાપના;૧૧

ચારે કાકા સરખામાંય ચીયા કાકાનાં નાંમ, ગણપતિ દાદા પહેલી તમારી થાપના.

*

ગણેશને જુશે૧૨ સોનાના બાજોઠ, જુશે રૂપાનાબાજોઠ,

ગણેશને જુશે ઘીના દીવા, જુશે ફુલડાંની માળા,

ગણેશ કે છે હુંતો અંધારે નહીં બેહું.

*

તેતરી કરોડ દેવતાઈ૧૩ સેમાડે૧૪ રે આયા,

તેતરી કરોડ દેવતાઈ ગુંદરીએ આયા,

હલચાં સેમાડીયાંનાં માંન રે.

*

મારો સર્વે સોનાનોસૂરજ ઉગ્યો,

ભાઈ ભાઈ રે સુથારીયા વીરા વિનવું.

ઘડજો ઘડજો મારે ગણેશાં વાળી જોડ.

**લગ્નપ્રસંગમાં તેમના કુટુંબોમાંથી વાંનોળો લેવામાં આવે છે, ત્યારે અલગ ગીતો ગાવવામાં આવી રહ્યાં છે.**

સાંકડી શેરીઓમાં સમરે ઢોળાય રે, અમારેબાવે અમને નાંનેરાં પરણાયાં;

નાંનેરાં પરણાયાંને ઘોડલે ચડાયાં, ઘોડલે રે ચડાયાંને મોતીડે વધાયાં.

*

મેડીએથી જલ્દી ઉતરો, જલ્દી મારા વીરને પોંખો;

નડીસેરથી નાળેર મંગાવો, જલ્દી મારા વીરને પોંખો.

**લગ્નપ્રસંગમાં પીઠીને શુભ શુકન માનવામાં આવે છે. લગ્ન શરુ થાય ત્યારથી પાંચ કે સાત વાર પીઠી ચોળવામાં આવે છે. ત્યારનું ગીત:**

ઘઉં રે મગાંની પીઠડી,૧૫

માંય રાય ને ચંપલીયાનું તેલ રે;

ચોળો ચોળો ચીયા ભાઈને પીઠી.

*

મ્હારી હળદી રંગ શું રંગ નીપજે;

એને હળવે થી ચોળજોપીઠી રે.

**પુરુષને સવારમાં તૈયાર કરવામાં આવે છે. અવનવાં વસ્ત્રો પહેરીને તે પરણવા જાય છે. વર્ષો પૂર્વે વસ્ત્રોમાં અઢીવટો અને પહેરણ પહેરાવવામાં આવતાં હતાં. પરંતુ, તેનું સ્થાન આજે સમય બદલાતાં શૂટ અને શેરવાનીએ લીધું છે. તે સમયે ગવાતાં મધૂર ગીતો:**

લીલા વાઘા પહેરો રે વરરાજા, લીલે વાઘે તે લીલેરૂ લાગે.

પીળા વાઘા પહેરો રે વરરાજા, પીળી વાઘેતે પીળેરૂં લાગે.

*

ચોકડીયાળા૧૬ શૂટ વીરનેહાથોમાં રૂમાલ,

વની૧૭ ફેશનદાર છે ને વનો હોંશિયાર છે.

**વરપક્ષ તરફથી કન્યાના ઘરે જાન લઇને જવામાં આવે છે, ત્યારે રસ્તામાં આવાં કંઈક ગીતો ગાવવામાં આવે છે.**

લાડી વરીયાળી વેરાવું તારે સેમાડે,

તારાં સેમાડીયાંને વેણવા મેલ;

મારા વીરાનો વટુવો૧૮હીરે જડ્યો.

*

ધૂમે પડે ધરતી, તપેરે નગારાં વાળી ધોરે;

પડે નગારાંની તોર, ભમરા તારી જાંનમાં રે.

*

લીલુડા વરની વાંસળી, મારગડે૧૯ વાજંતી જાય;

ગામને પટેલીયે૨૦ પુછીયું કોણ પરણવા ને જાય.

**જાન વેવાઈના ગામમાં પહોંચે ત્યારે એક આનંદ અને ઉત્સાહથી લગ્નગીતો ગાવવામાં આવી રહ્યાં છે.**

ઉંચા ગઢની કિરનાર,૨૧ સોનાની ચાંચે મોરલો મોતી ચણવા જાય;

વેવાઈ ઉતારા૨૨ દેવરાય, ઉતારાંના શોખીન મારો વીરો આવે તારે દેશ.

*

બાર ગાઉનો વેવાઈ તારો માંડવો;

તેર ગાઉનીજુજેલી૨૩ છે જાંન.

**કન્યાના ઘરે જાન આવે ત્યારે માણેકસ્તંભની વિધી કરવામાં આવે છે. જેને માંડવો રોપવો કહે છે.**

મારો માંડવો સોળે રે રઢિયાળોએણે માંડવે સૌ સગાં આવ્યાં, લોભીયા ચીયો બા ન આવ્યા;

લોભે મત કરજોઅવસરીયુ તો કાલે રહી જાશે, ભવનાં મહેણાં રહી જાશે.

**જો વર-કન્યા નાની વયનાં હોય તો તેમના લગ્નને બાળલગ્ન કહેવામાં આવે છે. આ કુરિવાજને લગ્નગીતમાં વખોડવામાં આવ્યો છે. દિકરી માટે દાદા નવરંગ ચૂંદડી લાવે છે, પરંતુ દિકરી કહે છે કે મારી ઉંમર હજુ નાની છે એટલે હું સાસરે નહીં જાઉં.**

વાછરું શોભે વાડીના વડ હેઠ જો, દિકરી શોભે સૈયર સાસરે...

દાદા ચાલ્યા બવળી બજાર જો, ત્યાંથી લઈ આવ્યા નવરંગ ચૂંદડી.

દાદા મોરા ચૂંદડીયુંના હોરો૨૪ જો, નાંની ઉંમરમાં નય જાઉં સાસરે.

**વર લગ્ન મંડપમાં પ્રવેશે તે પૂર્વે કન્યાની માતા કે ભાભી દ્વારાપોંખવાની વિધી કરવામાં આવે છે. તે સમયે ગવાતું ગીત:**

શેર્યાંમાં સુરજ ઉગ્યો,

દનિયામાં પડગાહ૨૫ પડ્યો;

ભમરશા નવી હવેલી વાટ.

**લગ્ન મંડપમાં પ્રવેશ વખતે ગવાતું ગીત:**

હાટાં૨૬ની કસ્તુરી, ચીયાભાઈ મોંઘેરા ઢીલી ખાંડ્યાં૨૭ના મેવા મેઠા;

સસરાના તેડાયા ચીયાભાઈ ધીમા હેંડો૨૮ રે.

*

મોટાંની ઘેડી માયરીયે૨૯ સધાય;

કેસરીયો ભેંજાય રાજને આંગણે.

*

વેવાઈ ચોરીઓ ચિતરાય,

વેવાઈ ચોરીઓ ચિતરાય;

ચોરીઓનો શોખીન મારો વીરો આવે તારે ઘેર.

**મંડપમાં ગવાતા લગ્નગીતોમાં એકબીજા પક્ષની ટીખળ કે મજાક કરવામાં આવે છે. વરપક્ષવાળા વરના ગુણગાન ગાય છે, જ્યારે કન્યાપક્ષવાળાં કન્યાને સારી દર્શાવવા પ્રયત્નો કરે છે. જુઓ:**

મારે વીરે આંબલીયે ચડીને ચારે દશે જોયું,

મારે વીરે તીકમને તડાકે, બંદૂકને ભડાકે.

ચીયુંગાંમ દેખ્યું મોરા રાજ;

લાડડી લાવી મોરા રાજ.

*

વિમાન ઉભું દરિયાકિરનાર;

મોટર ઉભી વડલાની છાંયે મોરા રાજ.

**લગ્ન વખતે મામા મામેરૂ લઈને આવે છે. મામેરામાં મોસાળપક્ષ તરફથી કન્યા અને માતા માટે લાવેલ ભેટ સોગાદોને બધા લોકોની હાજરીમાં પોંખવામાં આવે છે. કન્યાની માતા પોતાના ભાઈને માથે કંકુનાં ચાંલ્લો કરી આર્શિવચન આપે છે. મામેરા ભરતી અનેઢાલ ભરતી વખતે ગવાતાં ગીત :**

ઉંડા રણમાં ઝેણી૩૦ રેતી ઉડે રે જેઠાણી;

હજી એ ન આવ્યો આવ્યો મારો માડીજાયો વીર.

ઝબક્યાં ધોરીડાં૩૧નાં શેંગ રે, રે જેઠાણી;

ઝબક્યાં ચીયા ભાઈનાં મોળીયાં રે.

*

તોરણ બેઠી શણકલ બોલે, જોવે મોમેરાંની વાટ્યાં;

મોમેરાના મોરવી ચીયાભાઈ વેલા તેડાયા, તમેમોડા ચમ આવીયા.

*

આંબલિયાની ડાળે પોપટ બોલીયો,

માયરીયામાં ચીયાંબાઈ બોલીયાં;

હજીએ ન આયા મારો માડી જાયો વીર.

*

મધ બેઠું રે રુડા આંબલિયાની ડાળ રે;

મારાં ડાયલાંને ગાંડાં ચમ રે વેઠાય.

**કન્યાને સાંજના સમયે વિદાય આપવામાં આવે છે. તે વખતે ગવાતાં ગીત:**

ઘડીયેક ઉભા રહ્યોને વરરાજા;

મારા બાવા પાસે માંગું શીખ.

*

વડવાઈ વાઢી ખેતર ખેડીયાં૩ રમછરાળા ઢોલા;

છેડ્યાંછેડ્યાં વેવાઈના ગામનાં ગૂંદરાં.

*

લીલી વાડી લીલાં આંબો લીલી નાગરવેલ;

ચૂડલાંનાં પેરનાર૩૩ નાંની વહૂ ચાલો અમારે દેશ.

**વર કન્યાએ પરણીને પોતાના ઘરે આવે છે, ત્યારે તેને પોંખવામાં આવે છે, ત્યારે ગવાતાં ગીત:**

માતા જશોદા પૂછે રે રાયવર શેણે૩૪પોંછ્યા;

આડા નાળેરાંના૩૫ પડદા હો, સોનાની સળીએ રાયવરનેપોંછ્યા.

*

સુરજ ઉગ્યો કેકેવડીયાની કણછે, કે પડેલાં૩૬ રે,

જાગો જાગો રે મારા નગરી શેરનાં લોકકે સૂરજ ઉગ્યો.

*

બાવા બાવા હો હું પરણીને આવ્યો,

પરણીને આવ્યો ને લાખેણી લાડી લાવ્યો.

*

મોભી મારે ચીયા બાના બેટા રે, મોભી ઘરે આયા.

*

સીતા સતીનાં બાંણ વાગ્યાં, હુંશિલા વીરને ચોખલીયે વધાવો;

પહેલું રે પોંખણું રવાઈયો રે લેજો, ઈ રે રવાઈયે હીરલા રે જડીયા.

**લગ્ન પ્રસંગમાં બધી સ્ત્રીઓ સાથે મળીને ગોળ વર્તુળાકારે દેશી ઢોલના તાલેરાસ રમતી હોય છે, તે સમયનું ગીત:**

પાટણથી તડબૂચ મંગાવો, સોનાનું હેમલું લ્યો;

ઈ તડબૂચની કાતળી પડાવજો, સોનાનું હેમલુ લ્યો.

*

ખૂણિયાં ખૂણિયાં તળાવ રે,

લીલુડી માટીનાં ઝળહળ ઉબચ્યાં રે.

વાગ્યા વાગ્યા તંબાળુ બે ઢોલ,

આંપડી નગરીમાં વાજાં વાગીયાં.

**વાવ-થરાદ પંથક રાજસ્થાન રાજ્યની નજીક આવેલો હોવાથી રાજસ્થાની ગીતોની અસર જોવા મળે છે. જુઓ:**

લાલ કબુતર આતો મેં, પેલી બની ન સમજે બાતો મેં;
ચૂડલા ચૂડલા કી કરે, તને લાઈ દ્યુ બંગડી જોડી રે.

*

બની ઘૂંઘટ તું ખોલ ઘૂંઘટ તું ખોલ, તારા ઘૂંઘટમાં કંઈક ચમકે;
નથ૩૭ ચમકે નથ ચમકે, નથની આજુબાજુમાં હીરા ચમકે.

**❖ઉપસંહાર :**

આમ, ઉપરોક્ત લગ્નગીતો વાવ-થરાદ પંથકના સુથારસમાજમાં લગ્ન પ્રસંગે ગાવવામાં આવી રહ્યાં છે. આ લગ્નગીતો અન્ય પ્રદેશોમાં કે અન્ય સમાજમાં પણ ક્યાંક ગવાતાં હશે. જોકે તેમાં મહદ્ અંશે અલગતા જોવા મળે છે. આઉપરાંત, પણ ઘણાં બધાં લગ્નગીતો છે, જોકે એ અન્ય સમાજો અને પંથકમાં ગવાતાં હોવાથી તેમને અહીં સ્થાન આપ્યુ નથી. આમ, અત્રે વાવ-થરાદ પંથકના સુથાર સમાજની આન-બાન-શાન સમાન પ્રમુખ લગ્નગીતોનો અભ્યાસ અત્રે કર્યો છે. આપણા લોકસાહિત્યમાં પ્રાચીન સંસ્કૃતિ સચવાયેલી છે. લગ્નગીતો આપણી પ્રાચીન પરંપરાનો મીઠો રણકતો ધબકાર છે. આજે આપણી સંસ્કૃતિ લુપ્ત થવા લાગી છે. આજના ઢોલ-નગારા અને ડી.જે.અને સાઉન્ડ સિસ્ટમના યુગમાં સ્વમુખે ગવાતાં આ લગ્નગીતોએ પોતાનું સ્થાન જાળવી રાખ્યું છે. આજના સમયમાં અર્વાચીન પેઢીની સ્ત્રીઓ આવાં પ્રાચીન લગ્નગીતો ગાતાં સંકોચ અનુભવે છે. આ ગુજરાતી લગ્નગીતો સમાજની ઓળખ હોવાથી તેને સાચવી લેવાં કે સંગ્રહી લેવાં આવશ્યક છે.

**❖શબ્દસૂચિ :**

૦૧. લગ્ન કરનાર પુરુષ માટે વપરાતા શબ્દો :વર, રાય, લાડકડા, મોભી, વરરાજા, વનો, વીરો, ભમરા, ભમરશા, રાયવર

૦૨. બાવા - વરના પિતા

૦૩. ઉચેર - વિચાર

૦૪. ઢુકડો - નજીક

૦૫.ચીયા -કયા, ચીયાં -કયાં, ચીયો -કોણ, ચઈ - કઈ (તળપદી ભાષામાં)

૦૬. લગનીયા -કન્યાના પરિવારનાસભ્યો પુરૂષ(વર)ને ત્યાં લગન (કંકોત્રી) લઈને જાય છે, ત્યારે તેઓ લગનીયા તરીકે ઓળખાય છે.

૦૭.બાજોઠીયો - બાજોઠ

૦૮. સુજડીયો - શણગારવું

૦૯.સોપટ - જુગાર (એક રમત)

૧૦.બેહાડું - બેસાડવું

૧૧. થાપના - સ્થાપના

૧૨.જુશે - જોઈશે

૧૩. તેતરી કરોડ દેવતાઈ - તેત્રીસ કરોડ દેવ

૧૪.સેમાડે, ગુંદરીયે - ગામથી થોડેક દૂરનો વિસ્તાર

૧૫.પીઠડી - પીઠી

૧૬. ચોકડીયાળા - ચોકડીવાળા

૧૭. લગ્ન કરનાર સ્ત્રી માટે વપરાતા શબ્દો : વની, વનલી, લાડી, વહૂ, લાડેડી

૧૮. વટુવો - પુરુષ વર પોતાની સાથે નાની મોતીની બનાવેલ થેલી સાથે રાખે તેને વટુવો કહે છે. જેમાં વરિયાળી સહિતની વસ્તુઓ મૂકે છે. જેને કેડમાં બાંધવામાં આવતો હતો.

૧૯. મારગડે - માર્ગ

૨૦. પટેલીયે - ગામના મુખીને પટેલ કહેવામાં આવતા હતા.

૨૧. કિરનાર - કિનારે

૨૨. ઉતારો - વર પક્ષને કન્યા પક્ષ તરફથી રહેવા માટે આપવામાં આવતું સ્થળ.

૨૩. જુજેલી - થાકેલી

૨૪. હોરો - ખરીદી કરવી

૨૫. દનિયામાં પડગાહ - દુનિયામાં પ્રકાશ પડવો (સૂર્યનું ઉગવું)

૨૬. હાટાં - બજાર

૨૭. ઢીલી ખાંડ્યાંનાં - ગળી ખાંડ

૨૮. હેંડો - ચાલો

૨૯. માયરીયે, માહ્રરૂ, માયરૂ - લગ્ન પ્રસંગમાં આવતો એક પ્રસંગ.

૩૦. ઝેંણી - ઝીણી

૩૧. ધોરીડાં - બળદ (પશુ)

૩૨. વડવાઈ વાઢી, ખેતર ખેડ્યાં - ગામની સીમ વટાવવી

૩૩.પેરનાર - પહેરનાર

૩૪.શેણે - કેવીરીતે, કઈ રીતે

૩૫. નાળેરાં (નાળેર) - વરની પોંખણવિધી વખતે આસોપાલવના તોરણની સાથે બાંધવામાં આવતુ શ્રીફળ(નાળિયેર)

૩૬. પડેલાં - સૂતેલાં, નિદ્રામાં

૩૭. નથ - નથણી (નાકમાં પહેરવામાં આવતો અલંકાર)

❖ **સંદર્ભગ્રંથો :**

**I.** જાની (ડૉ.) બળવંત, **"લોકગીત : તત્વ અને તંત્ર",** ગુજરાત સાહિત્ય અકાદમી, ગાંધીનગર, પ્રથમ આવૃત્તિ - ૨૦૦૨.

**II.** મકવાણા (ડૉ.) રાજેશ, **"લોકવાङ्मય: સ્વરૂપ સંદર્ભ",** આસ્થા પ્રકાશન પ્રથમ આવૃત્તિ - ૨૦૦૭.

**III.** મેઘાણી ઝવેરચંદ, **"રઢિયાળી રાત",** પ્રસાર ભાવનગર, બૃહદ આવૃત્તિ - ૧૯૯૭.

**IV.** સત્યેન્દ્ર (ડૉ.),**"લોકસાહિત્યવિજ્ઞાન",**શિવલાલ એન્ડ કંપની", આગ્રા, પ્રથમ આવૃત્તિ - ૧૯૬૨.

---

# અષ્ટાવક્રગીતામાં નિરૂપિત આત્મતત્વ.

3

ભરતભાઈ યુ. જાદવ

શોધછાત્ર, ગુજરાત યુનિવર્સિટી,અમદાવાદ

આત્મતત્વ એ વિશ્વના તમામ અધ્યાત્મ સંપ્રદાયોના કુતૂહલનો વિષય રહ્યો છે. ભારતીય દર્શન પરંપરામાં તો આ ચિંતન વિશેષ પ્રમાણમાં જોવા મળે છે. આત્માનું સ્વરૂપ કેવું છે, તેનું કાર્ય શું છે, તેની ગતિ શું છે આવા અનેકવિધ પ્રશ્નોની વિચારણા ભારતીય તત્વજ્ઞાનપરંપરામાં સવિશેષ જોવા મળે છે. સૃષ્ટીમાં દેખાતા જડ ચેતન પદાર્થોમાં સત્તારૂપ જીવાત્માનું સ્વરૂપ શું છે એની વિવિધ વિચારણા ઓ વિષયક થોડો વિચાર કરી અષ્ટાવક્રગીતામાં જીવાત્મા વિશે થયેલી વિચારણાનો અભ્યાસ પ્રસ્તુત કરવાનો વિનમ્ર પ્રયાસ છે.

વિવિધ દર્શનોમાં પ્રાચીન કાળમાં અત્યન્ત પ્રચલિત લોકાયત સંપ્રદાય કે જેને ચાર્વાક દર્શનથી ઓળખવામાં આવે છે તે ભૌતિકવાદીઓનું દર્શન હતું. આત્મતત્વ વિશેના તેઓના વિચાર આ પ્રમાણે હતા કે तत्र पृथिव्यादीनि भूतानि चत्वारि तत्त्वानि । तेभ्यः एव देहाकारपरिणतेभ्यः किण्वादिभ्यो मदशक्तिवच्चैतन्यमुपजायते । तेषु विनष्टेषु सत्सु स्वयं विनश्यति । तदाहुः विज्ञानधन एवैतेभ्यो भूतेभ्यः समुत्थाय तान्येवानुविनश्यति न प्रेत्य संज्ञास्ति । (बृहदारण्यकोपनिषद् २/४/१२)[1]તેઓશરીરને જ જીવાત્મા માનતા હતા. પૃથ્વી, જળ વગેરે પંચમહાભૂતોના સંયોજનથી ચૈતન્યપૂર્ણ જીવાત્મા ઉદ્ભવે છે એવો તેમનો દૃઢ મત હતો. પરંતુ આ મતને વ્યાપક સ્વીકૃતિ નહોતી મળી. કારણ કે જીવાત્માના વિવિધ શરીર ધારણ થવામાં તેના કર્મોને ભારતીય માનસ દૃઢ પણે સ્વીકારતું હતું. પુનર્જન્મ માટે જીવાત્માનાં કર્મને જવાબદાર માનવામાં આવતું. ત્યાં ભૌતિકદૃષ્ટિએ જીવાત્માને જોવાવાળો વર્ગ આવા પ્રશ્નોનો ઉત્તર ન આપી શક્યો. અને આ વિચાર અદૃશ્ય થઇ ગયો.

ગીતાનો તત્વવિચાર નામના ગ્રન્થમાં વિદ્વાન શ્રી ડૉ. કિશોરભાઇ દવે જીવાત્મા માટે ચૈતન્યવાદમાં સમાવેશ પામે એવી ત્રણ વિચારધારાઓ રજૂ કરે છે. જેમાં પ્રથમ છે બૌદ્ધોની જીવાત્મા સંબંધી વિચારધારા. તેમના મતે જીવાત્મા એ વિવિધ ક્રમિક વિચારોની હારમાળા. તે નિત્ય નથી. જોકે બૌદ્ધદર્શન મૃત્યું પછીની સ્થિતિને કર્મ સાથે જોડીને જન્માન્તરના સિદ્ધાન્તને સ્વીકારે છે. ધમ્મપદમાં જરાવર્ગમાં કહ્યું છે કે अनेकजातिसंसारं सन्धाविस्सं अनिब्बिसं । गहकारकं गवेसन्तो दुःखा जाति पुनप्पुनं ॥

[1]પૃ. ૧, સર્વદર્શનસંગ્રહ (ચાર્વાકદર્શન) સં. ડૉ. એસ્તરબેન સોલોમન. પ્ર. સંસ્કૃત સાહિત્ય અકાદમી, ગાંધીનગર.

(ધમ્મપદ-૧૫૩) અહીં બુદ્ધે શરીરરૂપી ગૃહના કારકને જાણી લીધાની વાત કરતાં કહ્યું કે આ ગૃહકારકને શોધતાં શોધતાં અનેક જન્મો વિત્યા. આ દર્શાવે છે તેમની પુનર્જન્મની સ્વીકૃતિ. અને જીવાત્માની ગતિ પણ.અનાત્મવાદી દર્શન હોવા છતાં કર્મ તથા પુનર્જન્મમાં માનતું હોવાથી ચૈતન્યવાદનું જ સ્વરૂપ ગણાય.ન્યાય અને વૈશેષિક દર્શનો જીવાતામાને પદાર્થરૂપે જુએ છે. ચેતના એ જીવાત્માનો ગુણ છે. જીવાત્મા ભિન્ન ભિન્ન શરીરોમાં અલગ હોય છે. જોકે બન્ને દર્સનો પુનર્જન્મ અને કર્મ ને માનતાં હોવાથી ચૈતન્યવાદમાં જ સમાવિષ્ટ છે. વેદાન્ત દર્શનમાં તો સ્પષ્ટ રૂપે સચ્ચિદાનન્દરૂપ માનવામાં આવ્યો છે. સાથે સાથે તેને બ્રહ્મરૂપ પણ માનવામાં આવ્યો છે. જોકે શાંકરવેદાન્તમાં જીવ અને બ્રહ્મના અદ્વૈતને સ્વીકારાયું છે. વેદાન્તની જ અન્ય પરમ્પરામાં આ મત સર્વસ્વીકૃત નથી.

શ્રીમદ્ભગવદ્ગીતામાં આત્મા અને પરમાત્માનું ઐક્ય સ્વીકારાયું છે. ममैवांशो जीवलोके जीवभूतः सनातनः । मनः षष्ठानीन्द्रियाणि प्रकृतिस्तानि कर्षति ॥ (श्री, भ. गी. १५/७) પરમાત્માએ જ જીવને પોતાનો અંશ કહી દીધો છે. ગીતામાં અનેક સ્થળોએ આત્માના સ્વરૂપનું ચિંતન છે. જેમકેન जायते म्रियते वा कदाचिन्नायं भूत्वा भविता वा न भूयः । अजो नित्यः शाश्वतोऽयं पुराणो न हन्यते हन्यमाने शरीरे ॥(२/२०) કે પછીनैनं छिन्दन्ति शस्त्राणि नैनं दहति पावकः । नचैनं क्लेदयन्त्यापो न शोषयति मारुतः ॥( २/२३)અહીં ભગવદ્ગીતામાં આત્માના અવિનાશી પણાની સ્વીકૃતિ છે. સાથે સાથે તે ચૈતન્યરૂપ પણ છે. તથા પરમાત્માનો અંશ માનવામાં આવ્યો છે.

અષ્ટાવક્રમુનિ ઉપદિષ્ટ અષ્ટાવક્રગીતા બ્રહ્મવિદ્યાનો ગ્રન્થ છે. અદ્વૈત પરંપરાનો આ ગ્રન્થ ટૂંકો પણ અર્થગહન યુક્ત છે. અદ્વૈતવાદનું સમર્થન અહીંસ્પષ્ટ જોવા મળે છે. અહીં વેદાન્તની જીવનમુક્ત કલ્પનાને આગળ વધતી જોઇ શકાય છે. અષ્ટાવક્રજી એ જીવન્મુક્ત થવા આત્મજ્ઞાન જરૂરી માન્યું છે. માટે તેમણે જ્ઞાનોપદેશની શરૂઆતમાં આત્માના સ્વરૂપ વિશે વિમર્શ કર્યો છે. તેઓ શિષ્યને કહે છે કે મુક્તિ ઇચ્છતો હોયસાક્ષીરૂપ આત્મતત્ત્વને પ્રથમ જાણ न पृथ्वी न जलं नाग्निर्न वायुर्द्यौर्न वा भवान् । एषां साक्षिणमात्मानं चिद्रूपं विद्धि मुक्तये । (अष्टावक्रगीता १-३)શિષ્યની શંકા છે કે પંચભૂતાત્મકશરીર જ આત્મા છે. અને પંચમહાભૂતોના જ પાંચ વિષય છે. આત્મા આ આ સ્વભાવોને તો છોડી નથી શકતો. ઉદાહરણ રૂપે જોઇએ તો પૃથ્વીથી ગન્ધનો કે ગન્ધથી પૃથ્વીનો કદાપિ વિયોગ નથી થઇ શકતો. જેના ઉત્તરમાં ગુરુ કહે છે કે પૃથ્વી આદિ પંચમહાભૂતોના સ્વભાવથી યુક્ત તું છે એ ભાવ છોડી દે. વાસ્તવમાં પંચમહાભૂતોના શબ્દાદિ ધર્મથી તું અજ્ઞાત છે માટે અહંભાવ(હું, મારું આ વગેરે)થી યુક્ત છે. પ્રથમતો આનાથી મુક્ત બન. અને સાક્ષીરૂપ ચૈતન્યયુક્ત આત્માને જ તું જાણ. આમ તેમણે આત્માને વિષયધર્મથી યુક્ત નહીં પણ સાક્ષીરૂપ માન્યો છે. સાથે સાથે તેને ચાતન્યરૂપ પણ કહ્યો છે.ચૈતન્ય આત્માને દેહથી મુક્ત માનીશ તો તત્કાલ સુખી અને શાન્ત થઇ જઇશ. કારણકે બન્ધનોથી મુક્ત બનીશ. તને ખ્યાલ આવશે કે તું વિપ્રાદિ વર્ણધર્મથી મુક્ત છે. અસંગ નિરાકાર વિશ્વસાક્ષી છે એ ભાવ જન્મશે. કર્ત્તાપણા ભોક્તાપણાથી મુક્ત બનીશ.

આત્માનું સ્વરૂપ આગળ વર્ણવતાં કહે છે કે एको विशुद्धबोधोऽहमिति निश्चयवह्निना । प्रजावायाज्ञानगहनं वीतशोकः सुखी भव ।।( अष्टावक्रगीता १/९) તથાआत्मा साक्षी विभुः पूर्ण एको मुक्तश्चिदक्रियः । असङ्गो निःस्पृहः शान्तो भ्रमात्संसारवानिव ।।(अष्टावक्रगीता १/१२)અહીં એક આત્મતત્ત્વનો સિદ્ધાન્ત સ્વીકારાયો છે. એટલેકે સજાતીય વિજાતીય ભેદ નથી. કે સ્વભાવગત ભેદ નથી. કેવલ એક વિશુદ્ધ છે. વિભુ છે. પૂર્ણ છે. મુક્ત છે. અસંગ છે. અક્રિય છે. નિઃસ્પૃહ છે. શાન્ત છે. नित्यं निरन्तरं ब्रह्म કહીને આત્માને અદ્વૈત રૂપે બ્રહ્મનો જ અંશ માન્યો છે. જેવીરીતે તરંગો, ફીણ કે પરપોટા પાણીથી અલગ નથી. ત્રણેય નું કારણ જળ જ છે. એવી જ રીતે જગત્ આત્મા(અર્થાત્ પરમાત્મા) થી જ ઉત્પન્ન થયું છે. આત્માથી ભિન્ન નથી.

પરંતુ આ અભિન્નતા ને જાણવા આત્માના જ્ઞાનની આવશ્યકતા છે. કહ્યું છે કે आत्माज्ञानाज्जगद्भाति आत्मज्ञानान्न भासते (अष्टावक्रगीता २/७) આત્માને ન જાણવાથી જગત્ ભાસે છે. આત્મજ્ઞાન થયા પછી નહીં. प्रकाशो मे निजं रूपं नातिरिक्तोऽस्म्यहं ततः ।(अष्टावक्रगीता २/८) પ્રકાશ એ જ આત્માનું વાસ્તવિક રૂપ છે. આગળ જતાં આત્માને જ નમસ્કાર કરતાં કહેવાયું છે કે अहो अहं नमो मह्यं(अष्टावक्रगीता २/११-१४).આત્માના અવિનાશીત્વને, ગતાદિવિકાર રહિતપણાને, વિશ્વવ્યાપિપણાને, શરીરભિન્ન સ્વરૂપપણાને, અકિંચન પણાને અહીં વારંવાર નમસ્કાર થયેલા જોવા મળે છે.

આમ અદ્વૈત વેદાન્ત પરક અષ્ટાવક્રગીતામાં આત્માના સ્વરૂપ વિશે પ્રારંભે જ વિચારણા થયેલી જોવા મળે છે. અષ્ટાવક્રમુનિ જીવન્મુક્ત અવસ્થાને જીવનનું પરમલક્ષ્ય માને છે. આ સિદ્ધિને પ્રાપ્ત કરવા સર્વપ્રથમ આત્મજ્ઞાનની આવશ્યકતા તેમણે સ્વીકારી છે. માટે આત્માનું સ્વરૂપ પણ તેમણે વિશદરીતે ચર્ચ્યું છે.

*******

# कालिदास का अभीष्ट शिव-आराधना

4

प्रस्तुतकर्त्ता-
डॉ.कपिलदेव हरेकृष्ण शास्त्री
'Assistant Professor'
Dept.of Traditional Sanskrit Studies
Baroda Sanskrit Mahavidyalay
The M.S.University of Baroda

महाकवि कालिदासकी कृतियोंमें प्राणिमात्रके प्रति यही शुभभावना व्यक्त मिलती है। साथ ही उनकी रचनाओंमें प्रकृतिके कण-कण में आत्मीयताका भाव मुखरित दीखता है। कालिदासकी कृतियोंमें सर्वव्यापक मङ्गलकामना उनकी अभीष्ट शिवाराधना है। शिव जगतके मङ्गलकारक तत्त्वके ही पर्याय हैं। महाकवि कालिदास इसी अर्थमें शिवकी उपासना करते हैं। चराचरके प्रति इसी व्यापक सर्व कल्याण

भावना के उद्भावक के रूप में महाकवि का अपना स्वतन्त्र स्थान है। महाकवि कालिदास उदारचित्त,सहिष्णु और परम आस्थावान् हैं।

कालिदास के अपने आराध्य भगवान् शिव उन्हें परम प्रिय हैं। उनके लगभग सभी ग्रन्थोंका प्रारम्भ मङ्गल एवं आनन्दमूर्त्ति भगवान् शिवकी स्तुति से होता है। उनकी शिवभक्ति उनके काव्यों और नाटकोंके मङ्गलाचरण एवं काव्यगत विभिन्न स्थलोंके अन्तर्भाव से स्पष्ट है। महाकाव्यों में 'रघुवंश' उनकी सर्वश्रेष्ठ रचना है। इस कृतिमें महाकवि ने प्रतापी रघुवंशी राजाओंकी धवल कीर्तिका गान किया है,किन्तु इस महाकाव्य में कवि ने सर्वप्रथम अपनी प्रणामाञ्जलि भगवान् शिव तथा जगज जननी माता पार्वतीके चरणोंमें ही अर्पित की है।

**वागर्थाविव सम्पृक्तौ वागार्थप्रतिपत्तये।**
**जगतः पितरौ वन्दे पार्वतीपरमेश्वरौ ॥** रघुवंश-१.१.

विशुद्ध शब्दार्थके परिज्ञान केलिये शब्द एवं अर्थकी तरह परस्पर संश्लिष्ट सम्पूर्ण विश्वके माता पिता अर्धनारीश्वर भगवान्शिव या शिव-पार्वतीकी मैं वन्दना करता हूँ।

इससे महाकविकी भगवान् आशुतोषके प्रति अनन्य भक्तिका संकेत मिलता है। उनकी कृतिका वर्ण्य विषय चाहे ऐतिहासिक हो अथवा पौराणिक,चाहे वह रामायणसे गृहीत हो अथवा महाभारतेसे,किन्तु कृतिका प्रारम्भ वे भगवान् शिवकी स्तुतिसे ही करते हैं।

उनका द्वितीय महाकाव्य कुमारसम्भव तो भगवान् शिवकी महिमासे ओतप्रोत है। सम्पूर्ण कुमारसम्भव शिवजीके महिमामय श्लोकोंसे परिपूर्ण है। इस महाकाव्यमें 'काम' की दयनीय पराजयका वर्णन मिलता है।

यहाँ कविने मदनके गर्वको तो ध्वस्त किया ही है, साथ ही इस तथ्यको भी रेखांकित किया है कि नारीकी शारिरीक सुन्दरता,उसकी सर्वोच्च सम्पत्ति नहीं है। उससे सच्चे प्रेमकी उपलब्धि सम्भव नहीं है। महाकवि पुरुषार्थचतुष्टय के प्रतिपादक अवश्य हैं, किन्तु 'अर्थ एवं काम'को आवश्यकतासे अधिक महत्त्व प्रदान करने के वे कभी पक्षधर नहीं हैं। कवि ने इस तथ्यको भी उजागर किया है कि बिना तपस्याके प्रेम कभी परिनिष्ठीत नहीं होता। कुमारसम्भव के पञ्चमसर्गमें पार्वतीकी कठोर तपस्याका अत्यन्त उदात्त वर्णन है। उसी तपके बलपर ही पार्वतीको भगवान शिवकी प्राप्ति हुई। बिना अपना शरीर तपाये धर्मकी भावना उत्पन्न नहीं होती। जगज्जननी पार्वतीने भी घोर तपस्या करके ही अपना अभीष्ट प्राप्त किया। समग्र लोकके मङ्गलका भाव इसी तपमें समाहित है।

महाकवि कालिदास कृत 'मेघदूत' का गीतिकाव्यके रूपमें भारतीय साहित्यमें विशिष्ट स्थान हैं। यह गीतिकाव्य धनपति कुबेरके द्वारा दण्डित अपने भृत्य-एक यक्षके वर्ष
भर केलिये निर्वासित जीवनका अभिलेख मात्र नहीं है,प्रत्युत यह तो भवान् चद्रशेखरकी महिमासे ओतप्रोत गीतिमय काव्य रचना है। इस गीतिकाव्यमें महाकवि ने भवान् शिवकी महिमा का बहुत गान किया है और इस प्रकार उनके प्रति अपना प्रणतिभाव व्यक्त किया है।

मेघदूतमें मेघके माध्यमसे कालिदासने भवान् शिवके चरणोंमें अपनी सम्पूर्ण श्रद्धा अर्पित करदिया है। उज्जयिनीमें भवान् महाकालकी संध्या अर्चनाके समय अपनी सेवाञ्जलि अर्पित करानेका वे मेघसे अनुरोध करते हैं। यहाँ मेघ के माध्यमसे भवान् शिवके प्रति कविने अपना ही श्रद्धान्वित भक्तिभाव व्यक्त किया है।

भगवान् त्रिलोचनका वाहन वृष है अर्थात् वे वृषको अपने वशमें करके उसपर आसीन होते हैं। वृष कामका प्रतीक है। इसके द्वारा कविका संकेत है कि 'काम' भगवान् शिवके वशीभूत है। इसीलिये मेघदूतमें काम शिवके प्रदेशमें प्रवेश करनेका साहस नहीं करता। वह वहाँ चाप चढानेमें भी डरता है।

**मत्वा देवं धनपतिसखं यत्र साक्षाद् वसन्तं।**

**प्रायश्चापं न वहति भयान्मन्मथः षट्पदज्यम्॥** उत्तरमेघ-१०,

मेघ इच्छाचारी है। आकाशमें वह स्वेच्छासे विचरण करता है। इसीलिये कालिदासने मेघको कामरूप प्रकृति-पुरुष कहा है -

**जानामि त्वां प्रकृतिपुरुषं कामरूपं मघोनः।** पूर्वमेघ-६,

अतः कामरूप मेघ से उस अलका नगरीको जानेका अनुरोध करता है,जिसके महल उस नगरीके बाहरी उद्यानमें विराजमान भगवान् चन्द्रमौलिके मस्तकपर सुशोभित चन्द्रकी विच्छुरत चन्द्रिकासे धवलित हैं। यहां महाकविका संकेत है कि काम तत्त्वको अपने कल्याण केलिये शिवके सान्निध्यमें निगृहीतभावसे रहना ही श्रेयस्कर है। मेघदूतकाव्य शिवात्मक चैतन्यकी प्राप्तिका संकेत देता है। इस प्रकार महाकविने 'मेघदूत'के समग्र परिवेशको भगवान् शिवकी महिमासे सम्पृक्त निरूपित किया है।

अभिज्ञानशाकुन्तल नाटकमें महाकवि कालिदासने वासनाजन्य प्रेमको नकारा है और केवल उसी प्रेमको स्वीकृति प्रदानकी है जो अनुताप की अग्निमें निरन्तर तपकर अन्तमें कुन्दनकी भाँति खरा,पवित्र और दिव्य प्रमाणित होता है। भगवान् शिवकी महिमाका गान नाटकके अपने सर्वोत्कृष्ट नाटक अभिज्ञानशाकुन्तलके सर्व प्रथम माङ्गलिकश्लोक का आरम्भ ही वे शिवजी अपनी इन आठ भौतिकमूर्त्तियों द्वारा इस विश्व में प्रत्यक्षतया अवभासित हो रहे हैं,जिनकी सत्ता की पुष्टि के लिए किसी अन्य 'अनुमान' या 'शब्द' आदि प्रमाण की आवश्यकता नहीं है। वे शिवजी आप लोगों की रक्षा करें। मङ्गलाचरण का शब्द विन्यास इस प्रकार है -

**या सृष्टिः स्रष्टुराद्या वहति विधिहुतं या हविर्या च होत्री**

**ये द्वे कालं विधत्तः श्रुतिविषयगुणा या स्थिता व्याप्य विश्वम् ।**

**यामाहुः सर्वबीजप्रकृतिरिति यया प्राणिनः प्राणवन्तः**

**प्रत्यक्षाभिः प्रपन्नस्तनुभिरवतु वस्ताभिरष्टाभिरीशः ॥** अभिज्ञानशाकुन्तलम्-१.१

इस श्लोक में कालिदास शिवजी की विभिन्न मूर्त्तियों का नामतः उल्लेख नहीं करते,अपितु तत्तत् भौतिक तत्त्वों की विशेषताओं का वर्णन करते हुए उस मूर्त्ति विशेष को ध्वनित करते हैं। शिवजी की प्रथम मूर्त्ति वह है जो स्रष्टा की सर्वप्रथम सृष्टि है (जल),द्वितीय वह है जो विधिपूर्वक हवन की गयी हवि को देवताओं के पास ले जाती है (अग्नि),तृतीय मूर्त्ति वह है जो इस हवि को यज्ञाग्नि में डालती है (यजमान),चतुर्थ और पञ्चम मूर्त्ति वे हैं जो समय का निर्धारण एवं नियमन करती हैं (सूर्य-चन्द्रमा), षष्ठ वह है जो समस्त विश्व को व्याप्त किये हुए है और जिसका गुण शब्द है (आकाश)। सप्तम मूर्त्ति समस्त प्राणियों की उद्गम स्थली है

(भूमि) औरअन्तिम अष्टममूर्त्ति वह है जिससे इस विश्व के प्राणी प्राणवान् रहते हैं (वायु)। महाकविने इन अष्टमूर्त्तियों केलिये **'प्रत्यक्षाभिः'** यह पद प्रयुक्त किया है अर्थात् ये आठमूर्त्तियाँ संसारमें प्रत्यक्ष दृष्टिगोचर होती हैं। इससे कालिदासका

संकेत है कि इन प्रत्यक्ष मूर्त्तियों को धारण करनेवाले इस जगत् के नियामककी सत्ता सन्देहसे परे है। बल्कि सत्य तो यह है कि विश्वका प्रत्येक कण उनकी सत्ताको व्यक्त करता है।

तत्त्वज्ञ होनेके कारण उन्होंने भगवान् शिवसे कभी अर्थकामकी लालसा नहीं की, अपितु शिवसायुज्य या कैवल्यकी ही कामना करते रहे। वे भगवान् नीललोहितसे किसी सांसारिक वस्तुकी याचना न करते हुए उनसे जन्म मरणके चक्रसे मुक्ति प्रदान करने हेतु विनय करते हैं –

**ममापि च क्षपयतु नीललोहितः पुनर्भवं परिगतशक्तिरात्मभूः ।।**

मालविकाग्निमित्र नाटककी नान्दीमें उन्होंने सामाजिकों केलिए भगवान् से प्रार्थना की है कि वे उनकी तामसी वृत्तिका शमन करें ताकि उन सबकी सन्मार्गमें प्रवृत्ति हो।

**सन्मार्गलोकनाय व्यपनयतु स वस्तामसी वृत्तिमीशः ।।** मालविकाग्निमित्रम्

इसी प्रकार विक्रमोर्वशीय नाटककी नान्दीमें उन्होंने स्थिरभक्तियोगसे सुलभ भगवान् शंकरसे सभीको निःश्रेयस प्रदान करनेकी प्रार्थना की है।

**स स्थाणुः स्थिरभक्तियोगसुलभो निःश्रेयसायास्तु वः ।।** विक्रमोर्वशीयम्

महाकवि कालिदासकी यह विशेषता है कि उनकी आराधनासे व्यापक लोकमङ्गलकी कामना निहित रहती है। वे भगवान् शिवसे सदा जनकल्याणकी ही याचना करते रहे और यही उनके शिवके स्वरूपका यथार्थ ज्ञान तथा उनकी यथार्थ शिवोपासना है। यही भारतीय धर्म और दर्शनका अन्तिम लक्ष्य भी है।

-----------------------

# કરુણામૂર્તિ 'મા'ની વિવિધ છબી ઝીલતી ગઝલ- 'મા'

**હાર્દિકકુમાર રૂપાભાઈ પ્રજાપતિ**
**અનુસ્નાતક, ગુજરાતી વિભાગ**
શ્રી અને શ્રીમતી પી.કે. કોટાવાલા આર્ટ્સ કૉલેજ, પાટણ.
હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સીટી.

5

તું હજી પણ સ્વપ્નમાં આવી મળે છે મા;
આયખાની હા, બધી પીડા ટળે છે મા.

તેજ આખા ઘરને આપે, જાત સળગાવી,
કોડિયાની શગ થઈ હરપળ બળે છે મા.

દૂર છે એ પણ કરે સંચાર મારામાં,
રોમરોમે તેજ થઈને ઝળહળે છે મા.

છે ઘણી અટકળ હજી પણ દીકરા વિશે,
પણ સદાયે દીકરાને તો ફળે છે મા.

રાખવાના દીકરા વારા કરે તેથી,
ખૂબ સમૃદ્ધિ છતાં પણ ટળવળે છે મા.

- **પીયૂષ ચાવડા (હાથ સળગે છે હજી, પૃ.૫૦)**

ગુજરાતી પદ્ય સાહિત્યમાં આજે જો સૌથી વધુ કોઈ સાહિત્ય સ્વરૂપ ખેડાતુ હોય તો તે ગઝલનું છે. આ સાહિત્ય સ્વરૂપમાં શે'રના માધ્યમ દ્વારા ટૂંકમાં ઘણું બધું કહી શકવાની શક્તિ રહેલી છે, આજે ગઝલનો જે ફાલ ઉતરી રહ્યો છે એમાં કેટલીક સત્વશીલ ગઝલસંગ્રહો પણ પ્રકાશિત થાય છે, આવા જ એક યુવાકવિ શ્રી પીયૂષ ચાવડાનો સત્વશીલ ગઝલસંગ્રહ 'હાથ સળગે છે હજી'માં ગ્રંથસ્થ ગઝલ 'મા' નો આસ્વાદ કરવાનો મારો ઉપક્રમ છે.

ભગવાન પછી જો બીજા કોઈનું નામ લેવામાં આવે તો તે મા છે, કદાચ ભગવાન કરતાં પણ ઊંચા સ્થાને મા ને ગણવામાં આવે છે. ભાગ્યેજ કોઈ એવો સર્જક હશે કે જેણે મા વિષય લઈને સર્જન કર્યું નહીં હોય. આખું આયખું, આખું જીવન મા સાથે હરખ–શોક, આનંદ–ઉલ્લાસ, સુખ–દુઃખ, વાર–તહેવાર, પ્રસંગો ઉજવ્યા હોય, મા પ્રત્યે અપાર સ્નેહ–લાગણી હોય ને જયારે મા નો સાથ છૂટી જાય ત્યારે કવિને મા સ્વપ્નમાં આવીને મળે છે અને મા ના મળવાથી

કવિના આયખાની બધી જ પીડા, દુઃખ, દર્દો ટળી જાય છે. અને એટલે જ કવિ ગઝલના મત્લામાં લખે છે–

**તું હજી પણ સ્વપ્નમાં આવી મળે છે મા;**
**આયખાની હા, બધી પીડા ટળે છે મા.**

મા એટલે ત્યાગની મૂર્તિ, ઘરમાં ડગલેને પગલે મા નો ત્યાગ દેખાતો જ હોય, આપણે જોયું હશે કે જમતી વખતે બધા ઘરના સદસ્યો જમી રહે પછી છેલ્લે જ મા જમતી હોય છે, જો કદાચ ખૂટે એવું લાગે તો મા તે દિવસે જમતી નથી અને ઉપવાસ છે એમ જણાવી દે છે. આવા તો કેટલાંય ઉદાહરણો જોવા મળે છે. જેમ કોડિયામાં શગ(વાટ) પોતે સળગી અંધકાર દૂર કરે છે તેમ મા પોતાની જાત સળગાવી આખા ઘરમાં હરપળ પ્રકાશ પાથરતી હોય છે. અને એટલે જ કવિ શે'રમાં લખે છે કે-

**તેજ આખા ઘરને આપે, જાત સળગાવી,**
**કોડિયાની શગ થઈ હરપળ બળે છે મા.**

બાળપણથી લઈ મા નો સાથ હોય ત્યાં સુધી મા સાથેની કેટ-કેટલીયે યાદોના પહાડો થઈ ગયા હોય છે, પરતું હવે તો મા નો સાથ રહ્યો નથી. માત્ર ખાલીપો વર્તાઈ ગાયો છે. મા ખૂબ દૂર હોવા છતાં પણ, મા કવિ સાથે સંચાર કરે છે અને કવિના રોમેરોમમાં તેજ થઈ ઝળહળ્યા કરે છે, કવિનો આ ભાવ એમના આ શે'રમાં સ્પષ્ટ દેખાય છે-

**દૂર છે એ પણ કરે સંચાર મારામાં,**
**રોમરોમે તેજ થઈને ઝળહળે છે મા.**

દીકરા પ્રત્યે દરેક મા નો અખૂટ પ્રેમ હોય છે, જરાક પણ તકલીફ પડે દીકરાને તો પીડા મા ને થતી હોય છે, આટલો બધો પ્રેમ ને સ્નેહ વરસાવ્યા પછી દીકરો કેવું વળતર આપશે? આવા પ્રશ્નોની અટકળ મા ને દીકરા વિશે થતી હોય છે, પણ 'મા તે મા'. કાયમ દીકરાનું સારું જ વિચારતી હોય છે, હંમેશાં દીકરાને ફળતી જ હોય છે અને ફળતી આવી છે, ગઝલનો શે'ર જોઈએ-

**છે ઘણી અટકળ હજી પણ દીકરા વિશે,**
**પણ સદાયે દીકરાને તો ફળે છે મા.**

જન્મથી લઈ મા દીકરાઓને મોટા કરે છે, ભણાવે-ગણાવે છે, ધંધા કે નોકરી તરફ વાળે છે, લગ્ન કરાવી સંસારમાં પગ મુકાવે છે, આ બધું જ કરવા માટે કંઈ કેટ-કેટલીયે અઢળક મુશ્કેલીઓનો સામનો કર્યો હશે ત્યારે મેળવ્યું હશે. પરંતુ છેલ્લે વળતરમાં દીકરાઓ શું આપે છે? જીવનના છેલ્લા પડાવમાં મા ને દીકરાઓ સાથે વિતાવવાની તીવ્ર ઝંખના હોય છે પણ દીકરાઓ મા નું બધું જ ઋણ ભૂલીને હિન્દી ફિલ્મ 'બાગબાન'ની જેમ મા ને રાખવાના વાર કાઢે છે, અઢળક સંપતિ-સમૃદ્ધિ હોવા છતાં પણ જીવનના છેલ્લા પડાવમાં મા ટળવળે છે, કવિ ગઝલના છેલ્લા શે'રમાં લખે છે કે-

**રાખવાના દીકરા વારા કરે તેથી,**

**ખૂબ સમૃદ્ધિ છતાં પણ ટળવળે છે મા.**

મા પોતાના બાળકો માટે શું શું નથી કરતી? કવિની આ ગઝલનો છેલ્લો શે'રમાં જોઈ કવિ અનીલ ચાવડાનો એક શેર ફરી યાદ આવે છે– "**દીકરા સાથે રહેવા મા હૃદયમાં હર્ષ રાખે છે./દીકરો બીમાર મા માટે અલગથી નર્સ રાખે છે.**" ગાલગાગાના ત્રણ આવર્તન અને એક ગા એવા મીટરમાં કવિએ મા વિષેની આ ખૂબ સુંદર ગઝલ આપી છે. જુદા જુદા પ્રતીકો લઈ મા નું અનમોલ સ્થાન દર્શાવ્યું છે, બીજા શેરમાં મા ને શગની ઉપમા આપી મા નો ત્યાગ કવિએ ચમત્કૃત રીતે બતાવ્યો છે. એક એક શેર ભાવથી તરબોળ છે, આ ગઝલ માટે કવિને હાર્દિક અભિનંદન.

**(હાથ સળગે છે હજી, લેખક: પીયૂષ ચાવડા, કિંમત: ૧૧૦ રૂપિયા, પ્રથમ આવૃત્તિ: જુલાઈ ૨૦૧૮,પ્રકાશક: આસ્થા પબ્લિકેશન, રાજકોટ.)**

..................................................................

# निष्क्रमणसंस्कारस्य महत्त्वम्

6

राजपरा मनिषः
(M.A.,M.Phil,NET)

जीवने संस्काराः अधिकं महत्त्वमादधते। ते मानवस्य शारीरिकीं मानसिकीं चोभयविधां स्थितिं द्योतयन्ति। संस्कृतो मानवो योग्यम् उचिताञ्च प्रतिष्ठामश्नुते। अतः जीवने संस्काराणां तावन्महत्त्वं यद् महर्षिः आश्वलायनः संस्कारहीनस्य जन्मैव निरर्थकं मनुते-

**'संस्काररहिता ये तु तेषां जन्म निरर्थकम्।'**

भारतीयसंस्कृतौ षोडशसंस्काराः महत्त्वपूर्णाः सन्ति ये सर्वत्र प्रसिद्धाः दृश्यन्ते। यथा - (१) गर्भाधानम् (२) पुंसवनम् (३) सीमन्तोन्नयनम् (४) जातकर्म (५) नामकरणम् (६) निष्क्रमणम् (७) अन्नप्राशनम् (८) चूडाकरणम् (९) कर्णवेधः (१०) विद्यारम्भः (११) उपनयनम् (१२) वेदारम्भः (१३) केशान्तः (१४) समावर्तनम् (१२) विवाहः (१३) अन्त्येष्टिः।

संस्कारोऽयं षोडशसंस्कारेषु षष्ठः। निष्क्रमणं निस्सरणम्। कुतः निस्सारणम्? जिज्ञासायां कथ्यते प्रसूतिगृहाद् बहिः निस्सारणं भवति। यस्मिन् गृहे बालकस्य जन्म भवति। यस्मिंश्च मासत्रयं यावत् पालितो भवति तस्माद् गृहान्निष्क्रमणं चतुर्थे मासि क्रियते। अस्य व्युत्पत्तिस्तु निस् उपसर्गः, क्रम-धातोः यु प्रत्यये कृते निष्क्रमणशब्दः व्युत्पन्नो भवति। वेदे निष्क्रमणसंस्कारस्य विषये उल्लेखः प्राप्यते यथा-

**शिवे ते स्तां द्यावापृथिवी असंतापे अभिश्रियौ।**
**शं ते सूर्य आतपतु शं वातु ते हृदे।**
**शिवा अभिक्षरन्त्वापो दिव्याः पयस्वतीः॥**[i]

शिशुं बाह्यसंसारेण परोचयितुं प्रथमवारं गृहात् बहिः निष्क्रमणमेव अस्य संस्कारस्य मूलोद्देश्यं वर्तते – "अथ निष्क्रमणं नाम गृहात् प्रथमनिर्गमः।"[ii] यथोक्तं जातकर्मसंस्कारे यत् प्रसवार्थं तदनुकूलो विशेषसन्नहः शिशोर्जन्मतो मासैकपूर्वमेव प्रारभ्यते। रत्नाकरेण उदीरितम्

**"आसन्नप्रसवे मासि कुर्याच्चैव विशेषतः।"**[iii]

अस्मात् प्रसूतिगृहात् प्रथनिर्गमनात्मकं कर्मैव निष्क्रमणसंस्कार उच्यते। सुरक्षार्थं प्रसूतिकागृहे कञ्चित् कालं स्थापितः शिशुः नियतकाल एव बहिरानीयते।
अस्य संस्कारस्य वैदिकसंहितासु ब्राह्मणग्रन्थादौ वा स्पष्टोल्लेखो न लभ्यते। अत एव संस्कारोऽयं सूत्रकालिक एवाभिमन्यते। पारस्करगृह्यसूत्रे संस्कारोऽस्मिन् निष्क्रमणानन्तरं शिशुं सूर्यदर्शनं कारयितुं निर्दिष्टम् – **"सूर्यमुदीक्षयति तच्चक्षुरिति।"**[iv] अस्मिन् एव संस्कारोऽयं 'निष्क्रमणिका'[v] इति नाम्ना सम्बोधितम्। गिभिलगृह्यसूत्रे चन्द्रदर्शनं निर्दिष्टम्।[vi] आचार्यो यमस्तु सूर्यचन्द्रयोः उभयोरपि दर्शनं निर्दिशति –

**ततस्तृतीये कर्तव्यं मासि सूर्यस्य दर्शनम् ।**

**चतुर्थमासि कर्तव्यं शिशोश्चन्द्रस्य दर्शनम् ॥**[vii]

श्रीधरीयेऽपि उक्तम् –

**मासे तृतीये दिवसे दिनेशं शिशुं चतुर्थे शशिनं च धेनुम् ।**

**विलोकयित्वा च विधिप्रयुक्ते काले गृहान्निष्क्रमणं विदध्यात् ॥**[viii]

वस्तुतः गृह्यसूत्रेऽपि निष्क्रमणकर्मणो विधानम् अतीव साधारणं वर्तते । तत्र पिता शिशुं बहिरानीय "तच्चक्षुर्देवहितम्"......इति मन्त्रेण सूर्यं दर्शयति । स्मृतिषु निबन्धेषु चैवास्य कर्मानुष्ठानं व्यापकमभवत् ।

**निष्क्रमणकालः –**

जन्मतो द्वादशदिवसात् चतुर्थमासावधि निष्क्रमणं कर्तव्यमिति नैकानि मतान्युपलभ्यन्ते । तत्र निष्क्रमणात् प्राक् नान्दीश्राद्धं कार्यम् ।[ix] छन्दोगानां निष्क्रमणसंस्कारे तु नान्दीश्राद्धस्य प्रतिषेधो दृश्यते ।[x] वराहो द्वादशेऽहनि शिशोः गृहात् निष्क्रमणं निर्दिशति ।[xi] भविष्यपुराणे बृहस्पतिस्मृतौ चापि निष्क्रमणं द्वादशेऽह्नि उक्तम् ।[xii] एतत्तु तदानीमेव सम्भाव्यते यदा नामकरणेन सहैव संस्कारोऽयं सम्पाद्येत । यतोहि तस्मिन् दिने शिशुः प्रसूतिगृहात् बहिरानीयते ।

लौगाक्षिः जन्मतस्तृतीये मासि निष्क्रमणं निर्दिशति ।[xiii] आचार्यो मनुः चतुर्थे मासि इदं कर्मानुष्ठातुं प्रतिपादयति –

**"चतुर्थे मासि कर्तव्यं शिशोर्निष्क्रमणं गृहात् ।"**[xiv]

यमः तृतीये मासि सूर्यदर्शनं, चतुर्थे मासि च चन्द्रदर्शनं निर्दिशति । शौनकोऽपि चतुर्थे मासि शुक्लपक्षे शुभे नक्षत्रे निष्क्रमणं स्मरति –

**"चतुर्थे मासि पुण्यर्क्षे शुक्ले निष्क्रमणं शिशोः ।"**

चतुर्थे मासि निष्क्रमणं विधातुम् अधिकांशवचनानि समुपलभ्यन्ते । इत्थं गृह्यसूत्राणां स्मृतीनां चानुसारं सामान्यो नियमो जन्मतस्तृतीये चतुर्थे वा मासि निष्क्रमणमनुष्ठातुं सिध्यति ।

केचनाचार्याः षष्ठे मासेऽपि निष्क्रमणं निर्दिशन्ति । आश्वलायनेन प्रोक्तम् – "षष्ठे वा देवतास्थानमियादादाय तं शिशुम् ।"[xv] षष्ठे मास्येव अन्नप्राशनस्य प्रायेण विहितत्वात् अन्नप्राशनकाले निष्क्रमणविधायकानि वचनान्युपलभ्यन्ते । उक्तं मदनरत्ने –

**"अन्नप्राशनकाले वा कुर्यान्निष्क्रमणक्रियाम् ।"**[xvi]

अत्रेदमेव समाधातुं शक्यते यन्नैकेषाम् आचार्याणाम् अनुरिधेन चतुर्थे मासि शिशोः गृहान्निष्क्रमणं मुख्यं वर्तते । अन्नप्राशनकाले तदनुष्ठानं तु पूर्वस्याभावे सत्येव विधेयम् ।

**संस्कर्ता –**

पारस्करगृह्यसूत्रगदाधरहरिहरभास्यानुसारं अस्मिन् संस्कारे मुख्यं कर्तुत्वं पितुरेव वर्तते ।[xvii] आश्वलायनिऽपि आह – "शाकुन्ते प्रजयेत् सूक्ते शिशोर्निष्क्रमणे पिता ।"[xviii] गोभिलोऽपि "अपामञ्जलिं पूरयित्वा पितोपतिष्ठेत ।"[xix] इति पितुरेव कर्तृत्वं निरदिशत् । शौनकस्तु "विदधीतास्य पित्रादिर्हितैषी यश्च रक्षकः ।"[xx] इत्यत्र

पित्रादिना पितामहादिरपि निष्क्रमणं कुर्यादिति प्रत्यपादत् । तत्तु पितुः कथञ्चिदभावे असामर्थ्ये वा प्रतीयते ।

मुहूर्तसङ्ग्रहे निष्क्रमणे मातुलस्य कर्तृत्वं प्रतिपादितम् – "उपनिष्क्रमणे शास्ता मातुलो वाहयेच्छिशुम् ।"[xxi] भागिनेयमुद्दिश्य मातुलस्य स्नेह एव तत्र कारणभूतं लक्ष्यते । विष्णुधर्मोत्तरपुराणं धात्र्या शिशुं बहिः निष्क्रमयितुं विधत्ते –

**ततस्त्वलङ्कृता धात्री बालमादाय पूजितम् ।**

**बहिर्निष्कासयेद् गेहाद् शङ्खपुण्याहनिःस्वनैः ॥**[xxii]

संस्कारनिमित्तं माता प्रत्यहं गृहं परितः एकं वर्गाकारभागो यत्र सूर्यरश्मिः दृश्यते । तत्र लेपनं करोति । स्वस्तिकचिह्नेन सह कर्णादि विकीर्णं करोति । अलंकृत्वा बालं कुलदेवतासमीपे नीत्वा वाद्यसङ्गीतेन सह देवपूजनं भवति । अष्टलोकपालं, सूर्यं, चन्द्रं, वासुदेवं, आकाशं च स्तुतिं करोति । शुभसूचकश्लोकेन सह ब्राह्मणभोजनं समापयति । शंखध्वनिना तथा वैदिकमन्त्रेण सह शिशुं बहिः निष्कासयति । तत्र पिता शिशोः बहिनिष्क्रमणसमये प्रार्थयति यत् सर्वैः देवाः एतस्य शिशोः सर्वास्वपि अवस्थासु रक्षां कुर्युः ।

**निष्क्रमणसंस्कारविधिः –**

गृह्यसूत्रानुसारं पितरौ संस्कारममुं सम्पन्नं कुरुतः । पारस्करगृह्यसूत्रानुसारेण पिता पुत्रं सूर्यं दर्शयति-

**तच्चक्षुर्देवहितं पुरस्ताच्छुक्रमुच्चरत् ।**

**पश्येम शरदः शतं जीवेम शरदः शतं शृणुयाम शरदः शतम् ॥**

अर्थात् देवहितं पुरस्तात् प्राच्यां दिशि देवेन द्योतनशीलेन स्वप्रकाशेन परं ब्रह्म स्थापितं शुक्रं शुद्धं पापलेशरहितं कीदृशं तत् सूर्यमण्डलम् उच्चरत् उच्चं दृश्यते तदेव अस्माकं चक्षुरिन्द्रियस्थानीयम्, तेन नित्येन चक्षुषा शरदः शतम् अस्माकम् आयुष्ट्वेन परिकल्पितान् शतं संवत्सरान् पश्येम अवलोकयाम । तथा तावतः शतसंवस्तरान् जीवेम । अत्यन्तसंयोगे द्वितीया । तावत्कालपर्यन्तं जीवनवन्तः भवेम । तदपि जीवनं वाधिर्यादिदोषरहितमेव प्रार्थ्यते शृणुयम इति । शतसंवत्सरपर्यन्तं शृणुयाम श्रोत्रेन्द्रियेण शब्दग्रहणसमर्था भवेम । एवम् अन्येषामपि इन्द्रियव्यापाराणाम् उपलक्षणम् । तदिन्द्रियपटवत्वेन तत्तद् व्यापारयुक्ता एव, न पुनः कुड्यकाष्ठादिवत् इन्दियपाटवरहिता इति ॥[xxiii]

सूत्रकाले पिता शिशुं सूर्यदर्शनं कारयति स्म तत्पश्चात् संस्कारस्य समाप्तिः सञ्जातेति मन्यते । किन्तु परवर्तीरचनासु अत्यधिकं विस्तृतं विधिविधानानां ज्ञानं भवति ।

**आध्यात्मिकमहत्त्वम् –**

निष्क्रमणसंस्कारस्यानुष्ठाने बालं गृहात् बहिरादाय सूर्यदर्शनं कारयते । सूर्यः अथवा आदित्यस्प प्राधान्येन एषः संस्कारः कदाचित् आदित्यदर्शनसंस्कारेति नाम्नापि अभिधीयते । भारतीयसंस्कृतेः भावपक्षे सूर्यः ज्ञान-तेज-शक्ति-जीवनीत्यादि प्रतिकरूपेण स्वीकृतः । निष्कामितः शिशुः सूर्येणाभिप्रेरितः भूत्वा ज्ञान-विज्ञान-उत्थान-पन्थे चानुगमनं कुर्यादिति भावेन शिशुः सूर्यस्याभ्युदयपथः सहगामी क्रियते । तदा शिशुं सूर्यदर्शनं कारयन् पिता 'तच्चक्षु...' इति

संसारेषु स्थितानां सर्वासां शक्तीनां उद्गमः सूर्योऽस्ति । सूर्यस्य प्रकाशं विना प्राणीनां स्वास्थ्यरक्षा असम्भवा वर्तते । अतः शिशोः स्वास्थ्यरक्षायै दीर्घजीवनाय च सूर्यस्य प्रकाशः नितरामपेक्ष्यते ।

अस्माकं जीवनं सौरशक्तिमाश्रित्य तिष्ठति । सूर्यात् जीवनीशक्तिः उत्पद्यते । मनुष्यस्य जीवनं श्वासोपरि आधाशीलं वर्तते । शुद्धवायौ विचरणेन स्वास्थ्यलाभो भवति । निष्क्रमणसंस्कारेन मानवस्य नवनिर्माणं भवति । अनेन शरीरस्य प्रत्येकं कोशिका जीवनीशक्त्यापरिपूर्णं भवति । अत; शिशोः कृते संस्कारस्यास्य महत्त्वं निःसंदेहो विद्यते एव किन्तु अस्य आधुनिकवैज्ञानिकमहत्त्वमपि दृश्यते । यथा शरीरस्य समविकासाय calcium तथा phosphorus द्वयोःपदार्थयोः महत्त्वं वर्त्तते । यदि शरीरस्य कस्मिंश्चित् अंशे रूधिरे calcium इत्यस्य अभावो भविष्यति तदा मनुष्यस्य तस्मिन् अंशे अधीरता समायाति । vitamin D विना calcium शरीरे भण्डारितं नैव भवति । Vitamin D केवलं दध्नि, दुग्धं च नैव प्राप्यते । इदं सूर्यरश्मौ प्राप्यते । अतः calcium पदार्थस्याभावे शिशुः दुर्बलतां न गच्छेत् एतदर्थं शिशवे सूर्यरश्मिसेवनं सर्वदावाश्यकं वर्त्तते ।

---

i अथर्व. ८/४/१४

ii सं.र.मा., पृ.८८६

iii वी.मि.सं.भा.१ पृ.१८४

iv पा.गृ. १/१७/६

v पा.गृ. १/१७/५

vi गो.गृ. २/८/६७

vii स.प्र. पृ.२५०

viii स.रं.मा., पृ.८८६

ix आश्वलायनः – अन्यैः षोडशसंस्कारश्रावण्यादिष्वपीष्यते । सं.प., पृ.२५५

x पा.गृ.ग.भा. १/१७ छन्दोगपरिशिष्टे – सूर्यचन्द्रो कर्मणी ये च तयो श्राद्धं न विद्यते।

xi द्वादशेऽह्नि कर्तव्यं शिशोर्निष्क्रमणं गृहात् । सं.र.मा., पृ.८८६

xii भविष्यपुराणे – द्वादशेऽह्नि राजेन्द्र शिशोर्निष्क्रमणं गृहात् । सं.प्र., पृ.२५०

xiii तृतीयेऽर्धमासे दर्शनमादित्यस्येति । तत्रैव

xiv म.स्मृ. २/३४

xv सं.प्र., पृ.२५१

xvi नि.सिं., पृ.५१८

xvii पा.गृ.ग.भा., ह.भा. १/१७/६

xviii सं.प्र., पृ.२५५

xix गो.गृ. २/८/६

xx सं.प्र., पृ.२५५

xxi सं.प्र. पृ.२५३

xxii तत्रैव

xxiii शु.यजु.काण्व.सं.सा.भा. – ३६/२५

...Published by...
http://www.shantiejournal.com/

SHANTI PRAKASHAN

HQ. : 1780, Sector-1, Delhi By pass,
ROHTAK-124001 (HARYANA)

OTHER CONTACT

D-19/220, Nandanvan Apartment, Nr. Bhavsar Hostel,
New Vadaj, AHMEDABAD-380013.